સુવિચાર

ક્ષમા આપવી એ ઉત્તમ છે, પણ ભૂલી જવું એ એના કરતાંય વધુ ઉત્તમ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટના તત્કાલીન કલેકટર પ્રભવ જોશીને હાઈકોર્ટની નોટિસ P-4

Year-16, Issue-217 ■ DATE : 26-12-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાત ૩૩ વર્ષ બાદ ફરી બન્યું 'ટાઈગર સ્ટેટ'

## સિંહ, દીપડો અને હવે વાઘ ત્રાણેય પ્રાણીઓ એક સાથે હોય એવું દેશનું પ્રથમ રાજ્ય, NTCAની સત્તાવાર જાહેરાતઃ દાહોદ જિલ્લાના રતનમહાલ અભયારણ્યમાં વાઘની ઉપસ્થિતિ



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગીરથી ઓળખાતું ગુજરાત હવે એશિયાઈ સિંહોની ધરતી પૂરતું સીમિત રહ્યું નથી. ત્રણ દાયકા કરતાં વધુ સમય બાદ રાજ્યના જંગલોમાં વાઘની સ્થાયી હાજરી નોંધાતા ગુજરાત ફરી એકવાર ટાઈગર સ્ટેટ તરીકે ઓળખ મેળવવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

દાહોદ જિલ્લાના રતનમહાલ અભયારણ્યમાં વાઘ લાંબા સમયથી વસવાટ કરી રહ્યો હોવાનું રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ (NTCA) દ્વારા સત્તાવાર રીતે માન્ય કરવામાં આવ્યું છે. આમ દેશમાં ત્રણ બિગ કેટ હોય એવું ગુજરાત પહેલું સ્ટેટ બની ગયું છે. NTCAના અધિકારીઓ માને છે કે એક જ વિસ્તારમાં લાંબા સમય સુધી વાઘનું ટકીને રહેવું એ ગુજરાતના જંગલો વાઘ માટે અનુકૂળ હોવાનો પુરાવો છે. આ સફળતા રાજ્યના વન સંરક્ષણ પ્રયાસો માટે પણ મહત્વની માનવામાં આવી રહી છે.

આ અંગે વન મંત્રી મોઢવાડિયાએ જણાવ્યું કે, રતનમહાલમાં એક વાઘ સેટલ થયો હોય એવા લક્ષણો જોવા મળે છે. NTCA દ્વારા એક અભ્યાસ સમિતિ મોકલી હતી. જેણે અહેવાલ સોંપ્યો છે.

વન વિભાગના જણાવ્યા મુજબ, મધ્યપ્રદેશની સરહદ પરથી ફેબ્રુઆરી મહિનામાં એક યુવાન વાઘ રતનમહાલ વિસ્તારમાં પ્રવેશ્યો હતો. શરૂઆતમાં તેને રખડતો વાઘ માનવામાં આવ્યો, પરંતુ છેલ્લા દસ મહિનાથી એક જ વિસ્તારમાં તેની સતત હાજરીએ સ્પષ્ટ કરી દીધું છે કે તેણે આ જંગલને પોતાનું ઘર બનાવી લીધું છે. કેમેરા ટ્રેપ અને ફોટોગ્રાફિક પુરાવાઓના આધારે NTCAએ ગુજરાતને ૨૦૨૬ની અખિલ ભારતીય વાઘ ગણતરીમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે.

ગુજરાતમાં વાઘની છેલ્લી સત્તાવાર ગણતરી ૧૯૮૯માં થઈ હતી. ત્યારબાદ વાઘના પુરાવા ન મળતાં રાજ્યને વાઘ ગણતરીમાંથી બહાર રાખવામાં આવ્યું હતું. ૧૯૯૦ના દાયકાથી ગુજરાત ટાઈગર સ્ટેટનો દરજ્જો ગુમાવી ચૂક્યું હતું. હવે રતનમહાલમાં વાઘની સ્થિર હાજરી સાથે આ લાંબી રાહનો અંત આવ્યો છે.

આગામી સમયમાં વાઘની ગણતરી દરમિયાન તેને રેડિયો કોલર પહેરાવવાની યોજના છે, જેથી તેની ગતિવિધિઓ પર નજર રાખી શકાય. સાથે જ, રતનમહાલ આસપાસના વિસ્તારોમાં શિકાર પ્રાણીઓની ઉપલબ્ધતા અને માદા વાઘની સંભાવનાનો પણ સર્વે કરવામાં આવશે. જો તમામ પરિસ્થિતિ અનુકૂળ સાબિત થાય, તો રતનમહાલને ભવિષ્યમાં વાઘ અભયારણ્ય તરીકે વિકસાવવાની દિશામાં પગલાં લેવાઈ શકે છે. એક તરફ ગીરમાં સિંહોની સંખ્યામાં વધારો અને બીજી તરફ રતનમહાલમાં વાઘની હાજરી છે. આ બંને ઘટનાઓ ગુજરાતને વન્યજીવન સંરક્ષણના રાષ્ટ્રીય નકશા પર નવી ઓળખ આપી રહી છે. હવે રાજ્યના જંગલોમાં સિંહની ત્રાડ સાથે વાઘની ગર્જના પણ સંભળાવા લાગી છે.

આ અંગે વન વિભાગના વરિષ્ઠ અધિકારી ડૉ. જયપાલ સિંઘના જણાવ્યા અનુસાર, વાઘને રતનમહાલનું જંગલ માફક આવી ગયું છે અને તે નિયમિત રીતે આ વિસ્તારમાં જોવા મળે છે. રતનમહાલમાં પૂરતું પાણી, શિકાર અને કુદરતી આવાસ ઉપલબ્ધ હોવાથી વાઘ અહીં નિર્ભય રીતે રહી રહ્યો છે. વાઘની ગતિવિધિઓ, સ્વાસ્થ્ય અને વર્તન પર સતત નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે તેને કાયમી રીતે અહીં જ રોકી શકાય તે માટે રાજ્ય સરકાર અને વન વિભાગ સક્રિય બન્યા છે. આ વાઘ પાછો જતો રહે તે પહેલા તેની વસતી વધારવાની દિશામાં મહત્વનું આયોજન થઈ રહ્યું છે. વાઘ માટે ચિતલ, સાંભર જેવા શિકારની સંખ્યા વધારવાના પગલાં લેવામાં આવ્યા છે. એટલું જ નહીં, ગુજરાતમાં ટાઈગર્સ આઉટસાઈડ ટાઈગર રિઝર્વ પ્રોજેક્ટ અંતર્ગત રતનમહાલ જેવી સેન્ચ્યુરીને વિકસાવવાની તૈયારી પણ હાથ ધરાઈ છે. વન વિભાગ દ્વારા આ સમગ્ર મુદ્દે NTCA (નેશનલ ટાઈગર કન્સર્વેશન ઓથોરિટી)ને પત્ર લખી જાણ કરવામાં આવી છે. NTCA હવે રતનમહાલમાં વાઘની વસતી વધારવા માટે એક વાઘણ મોકલવાની શક્યતાઓ પર કામ કરી રહી છે. આ માટે પાડોશના ત્રણ રાજ્યોમાંથી એક રાજ્યમાંથી ઉચ્ચ જિનેટિક ગુણવત્તાવાળી વાઘણ પસંદ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે.

છેલ્લા થોડા દિવસથી બીજો વાઘ પણ રતનમહાલના જંગલમાં ફરતો હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. આ બાબતે જયપાલ સિંઘ એ જણાવ્યું કે, બીજો કોઈ વાઘ નથી આવ્યો જે વાઘ જંગલમાં છે તેને જ બધા બીજો વાઘ કહી રહ્યા છે અને જે પગલાં દેખાયા છે, તે તેના જ પગલા હોવાનું માલૂમ થયું છે. જેથી હાલમાં રતનમહાલના જંગલમાં એક જ વાઘ છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૪૬/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૩૬/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૬,૩૧૦ | ₹૨,૩૪,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૮૨ | ₹૧૨૧.૩૧ |

# ભારતમાં પણ ઓસ્ટ્રેલિયાની જેમ ૧૬ વર્ષથી નાના બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકોઃ મદ્રાસ હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, ચૈન્નાઈ**

ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો હવે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા નથી. ઓસ્ટ્રેલિયા સરકારે તેના પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કર્યો છે. ઓસ્ટ્રેલિયા બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર વિશ્વનો પહેલો દેશ છે. હવે ભારતમાં પણ આવા જ અવાજો ઉઠી રહ્યા છે. મદ્રાસ હાઈકોર્ટે પોતે કહ્યું છે કે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા માટે ઓસ્ટ્રેલિયા જેવો કાયદો બનાવવાનો વિચાર કરવો જોઈએ. મદ્રાસ હાઈકોર્ટે સૂચન કર્યું છે કે કેન્દ્ર સરકાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતા ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા પસાર કરાયેલા કાયદા જેવો કાયદો બનાવવાની શક્યતા શોધી શકે છે.

મદ્રાસ હાઈકોર્ટના ન્યાયાધીશ જી. જયચંદ્રન અને કે.કે. રામકૃષ્ણનની ડિવિઝન બેન્ચે એક પીઆઈએલ પર આદેશ પસાર કરતી વખતે આ અવલોકન કર્યું હતું. પીઆઈએલમાં ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને પેરેન્ટલ વિન્ડો સેવાઓ પૂરી પાડવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી, કારણ કે પોર્નોગ્રાફિક સામગ્રી નાના બાળકો માટે ઉપલબ્ધ અને સુલભ છે.

કોર્ટે ઈન્ટરનેટનો ઉપયોગ કરતા બાળકો માટે વધુ જોખમને સ્વીકાર્યું. ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે માતાપિતાની જવાબદારી વધુ છે. આ અંગે, ન્યાયાધીશોએ કહ્યું, કેન્દ્ર સરકાર ઓસ્ટ્રેલિયાની જેમ સોશિયલ મીડિયા પ્રતિબંધ કાયદો બનાવવાની શક્યતા શોધી શકે છે. જ્યાં સુધી આવો કાયદો પસાર ન થાય ત્યાં સુધી, સંબંધિત અધિકારીઓએ તેમના જાગૃતિ અભિયાનને વધુ અસરકારક રીતે તીવ્ર બનાવવું જોઈએ અને તમામ ઉપલબ્ધ માધ્યમો દ્વારા સંવેદનશીલ જૂથોને આ સંદેશનો પ્રસાર કરવો જોઈએ. મદ્રાસ હાઈકોર્ટે કેન્દ્ર સરકારને સૂચન કર્યું છે કે તે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગને પ્રતિબંધિત કરવા માટે ઓસ્ટ્રેલિયાની જેમ કાયદો બનાવવાનું વિચારે. બાળકોની ઓનલાઈન સલામતી અને ઈન્ટરનેટ પર પોર્નોગ્રાફિક સામગ્રીની સરળતાથી ઉપલબ્ધતા અંગે ચિંતા વચ્ચે કોર્ટનું આ અવલોકન આવ્યું છે. ન્યાયાધીશ જી. જયચંદ્રન અને કે. કે. રામકૃષ્ણનની બેન્ચે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને પોર્નોગ્રાફિક સામગ્રીથી બાળકોને બચાવવા માટે પેરેંટલ કંટ્રોલ અથવા પેરેંટલ વિન્ડો સેવાઓ પ્રદાન કરવા માટે નિર્દેશ આપવાની માંગ કરતી જાહેર હિત અરજીની સુનાવણી કરતી વખતે આ અવલોકન કર્યું.

# ચાંદીના ભાવમાં તોફાની તેજીઃ એક જ દિવસમાં રૂ.૮૪૦૦નો ઉછાળો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વૈશ્વિક બજારોમાંથી મળેલા મજબૂત સંકેતો અને ઘરેલુ બજારમાં રોકાણકારોની ભારે ખરીદીને પગલે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોના અને ચાંદીના ભાવમાં શુક્રવારે ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવમાં તોફાની તેજી જોવા મળી હતી, જ્યારે સોનાએ પણ નવી સર્વોચ્ચ સપાટી બનાવી હતી, જેના કારણે બુલિયન માર્કેટમાં રોકાણકારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. MCX પર ફેબ્રુઆરી ૨૦૨૬ વાયદાના સોનાનો ભાવ ૧,૦૬૪ના ઉછાળા સાથે ૧,૩૯,૧૬૧ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, ખરી તેજી ચાંદીમાં જોવા મળી હતી. માર્ચ ૨૦૨૬ વાયદાના ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામે ૮,૪૪૯નો



જબરદસ્ત ઉછાળો નોંધાયો હતો, અને ભાવ ૨,૩૨,૨૩૯ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો. શુક્રવારે શરુઆતી વેપારમાં ચાંદીના વાયદાના ભાવ ૮,૦૦૦થી વધુ ઉછળીને ૨,૩૨,૭૪૧ પ્રતિ કિલોગ્રામની નવી ટોચે પહોંચ્યા હતા.

બજારના નિષ્ણાતોના મતે, આ અભૂતપૂર્વ તેજી પાછળ આંતરરાષ્ટ્રીય અને ઘરેલુ પરિબળો જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડો થવાની સંભાવનાઓને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે. આ ઉપરાંત, વધતા ભૌગોલિક-રાજકીય તણાવને કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદી તરફ વળ્યા છે. ચાંદીના ભાવમાં થયેલા મોટા ઉછાળા પાછળ વૈશ્વિક સ્તરે પુરવઠાની અછત, મજબૂત ઔદ્યોગિક માંગ અને ભારતીય આયાતમાં વધારો જેવા કારણો મુખ્ય છે. સપ્લાય ચેઇનમાં વિક્ષેપ પણ આ તેજી પાછળ એક મુખ્ય પરિબળ છે. વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની સતત ખરીદી પણ ભાવ વધારાને ટેકો આપી રહી છે ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં થતી વધઘટ પણ સ્થાનિક બજારમાં સોના-ચાંદીના ભાવને પ્રભાવિત કરે છે. વર્ષ ૨૦૨૫ સોના અને ચાંદી બંને માટે અત્યંત ફાયદાકારક રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૭૦%થી વધુનો ઉછાળો આવ્યો છે, જે ૧૯૭૯ પછીનો સૌથી મોટો વાર્ષિક વધારો છે.

# કચ્છના રાપરમાં વ્હેલી સવારે આવ્યો ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ

**મુખ્ય સમાચાર, રાપર**

કચ્છના રાપરમાં આજે વહેલી સવારે ૪:૩૦ વાગ્યે ૪.૪ની તીવ્રતાનો ધરતીકંપ આવતા લોકોમાં ફફડાટ મચી ગયો છે. આ બાદ પણ ૯ વાગ્યે ૨.૫ની તીવ્રતા સહિત નાના-મોટા આઠ જેટલા આંચકા આવ્યાના અહેવાલ પણ છે.

રાપરના ૪.૪ના ભૂકંપનું કેન્દ્ર બિંદુ ૨૨ કિ.મી. દુર ગેડી ગામ નજીક ૧૦ કિ.મી.ની ઉંડાઇએ નોંધાયુ હતું. જયારે બીજો આંચકો ૧૧ કિ.મી. દુર નોંધાયો હતો. જોકે કોઇ નુકસાની થઇ નથી.

કચ્છની ધરતી આજે વહેલી સવારે ફરી એકવાર ભૂકંપના શક્તિશાળી આંચકાથી ધ્રુજી ઉઠી હતી. આજે પરોઢિયે ૪:૩૦ વાગ્યે આવેલા ૪.૪ની તીવ્રતાના ભૂકંપે ગાઢ નિંદ્રામાં સૂતેલા લોકોને જગાડી દીધા હતા અને ભયના માર્યા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપર નજીક નોંધાયું હતું.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ, ગાંધીનગરના જણાવ્યા અનુસાર, આજે સવારે ૪:૩૦ વાગ્યે કચ્છના રાપર પંથકમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૨૨ કિલોમીટર દૂર



પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશામાં ગેડી ગામ નજીક જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. ઓછી ઊંડાઈને કારણે ભૂકંપની અસર રાપર, ભચાઉ, અંજાર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં વધુ અનુભવાઈ હતી.

મુખ્ય ભૂકંપના આંચકા બાદ પણ ધરા ધ્રુજવાનું ચાલુ રહ્યું હતું. અત્યાર સુધીમાં ૮થી વધુ નાના-મોટા આફ્ટરશોક નોંધાયા છે, જેના કારણે લોકોમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે. વહેલી સવારના બનાવને કારણે મોટાભાગના લોકો ગભરાઈને પોતાના ઘરની બહાર ખુલ્લામાં આવી ગયા હતા અને લાંબા સમય સુધી બહાર જ રહ્યા હતા.

કચ્છ સિસ્મિક ઝોન-૫માં આવતો હોવાથી અહીં ભૂકંપના આંચકા આવવા એ સામાન્ય બાબત છે, પરંતુ ૪.૬ની તીવ્રતાનો આંચકો પ્રમાણમાં શક્તિશાળી ગણાય છે. આજના આંચકાએ સ્થાનિક લોકોમાં ૨૦૦૧ના વિનાશક ભૂકંપની ભયાવહ યાદોને ફરી તાજી કરી દીધી હતી. જોકે, સદનસીબે નુકસાન થયાના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

આજે વહેલી સવારે ૪:૩૦ વાગ્યે આવેલા આ આંચકાને કારણે નજીકના વણોઈ અને આસપાસના ગેડી ગામ સહિતના વિસ્તારોમાં લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા. તો રાપર અને ભચાઉ સુધી આંચકાની અસર વર્તાઈ હતી. બારી દરવાજા ખખડી ઉઠ્યા હતા.

કચ્છમાં આવેલી 'વાગડ ફોલ્ટ લાઈન' સક્રિય હોવાને કારણે ભચાઉ અને રાપર વચ્ચેના વિસ્તારમાં આવા આંચકા વારંવાર અનુભવાય છે. બે દિવસ પહેલા ભચાઉ નજીક ૩.૦ની તીવ્રતાનો આંચકો નોંધાયો કચ્છ જિલ્લામાં બે દિવસ પહેલા એટલે કે ૨૪ તારીખે પણ સવારે ૧૦:૪૯ કલાકે ૩.૦ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

# દેશમાં કટ્ટરવાદી સંગઠન દ્વારા ક્રિસમસનો માહોલ બગાડવાનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈસાઈઓના નાતાલ-ક્રિસમસ પર્વ પર એક બાજુ દેશના વડાપ્રધાન ચર્ચમાં પ્રાર્થનામાં ભાગ લઈ રહ્યા હતા ત્યારે દેશના અનેક શહેરોમાં હિન્દુ કટ્ટરવાદી સંગઠનો ક્રિસમસની ઉજવણીના વિરોધમાં ઠેર ઠેર હુમલા કરી રહ્યા હતા.

આસામની એક સ્કુલમાં આ ગુંડા તત્વોએ તોડફોડ કરી હતી તો, યુપીમાં ચર્ચની સામે હનુમાન ચાલીસાના પાઠ કરીને માહોલ બગાડયો હતો. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ જયશ્રીરામ અને જય હિન્દુ રાષ્ટ્રના નારા લગાવીને ક્રિસમસ ઉજવતા નિર્દોષ લોકો પર હુમલા કરીને દેશની સર્વ ધર્મ સમભાવની ભાવનાને ઘાયલ કરી હતી. આ સંગઠનોના કાર્યકર્તાઓનો ઈસાઈઓ પર ધર્માન્તરણનો આરોપ હતો પરંતુ ક્રિસમસ ઉજવનારા નિર્દોષ લોકો



હતા, જેમાં કેટલાક હિન્દુઓ પણ ભાગ લઈ રહ્યા હતા. આ ઘટનાને લઈને કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે દક્ષિણપંથી સમુહ (જમણેરી) જાણી જોઈને લઘુમતીઓની ધાર્મિક સ્વતંત્રતાને નબળી પાડવાની કોશિશ કરી રહ્યા છે અને અધિકારી ચૂપચાપ આવા અસામાજીક તત્વોની મદદ કરી રહ્યા છે. આસામમાં નલવાડી જિલ્લામાં એક સંગઠનના કાર્યકર્તાઓએ એક સ્કુલમાં ક્રિસમસના આયોજન દરમિયાન તોડફોડ કરી હતી અને દુકાનોમાં રાખેલ તહેવાર સાથે સંકળાયેલી સામગ્રીને નષ્ટ કરી દીધી હતી.

## દિલ્હી બ્લાસ્ટમાં મહત્વપૂર્ણ ઇનપુટના પગલે મુંબઇ સહિત મહારાષ્ટ્ર હાઈએલર્ટ પર

૧૦ નવેમ્બરના રોજ દિલ્હી લાલ કિલ્લા વિસ્ફોટની તપાસમાં મહત્વપૂર્ણ ઇનપુટને પગલે મહારાષ્ટ્ર અને નજીકના રાજ્યોના અનેક જિલ્લાઓ સાથે મુંબઈને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે, જેની તપાસ પ્રતિબંધિત સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા પાકિસ્તાન સમર્થિત આતંકવાદી ષડયંત્રના ભાગ રૂપે થઈ રહી છે. તપાસ દરમિયાન, એજન્સીઓએ દિલ્હી વિસ્ફોટ સાથે જોડાયેલા બે મહારાષ્ટ્ર સ્થિત કનેકશન ઓળખી કાઢ્યા - એક મુંબઈમાં અને બીજી મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં. સુરક્ષા એજન્સીઓ અનુસાર, બંને કડીઓ રોમાંસ-આધારિત ફસાવવા અથવા 'હની-ટ્રેપ' યુક્તિઓ સાથે સંકળાયેલી છે, જે દિલ્હી આતંકવાદી મોડ્યુલના કાર્યકરો દ્વારા ઉપયોગમાં લેવાતી કથિત યુક્તિઓ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, શંકાસ્પદ આતંકવાદીએ લાંબા સમય સુધી સોશિયલ મીડિયા પર વાતચીત કરીને પ્રભાવ અને કાર્યકારી સંપર્ક સ્થાપિત કરવા માટે બે મહિલાઓનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો. તપાસકર્તાઓએ શોધી કાઢ્યું કે બંને મહિલાઓ લાંબા સમય સુધી શંકાસ્પદ વ્યક્તિ સાથે નિયમિત ડિજિટલ સંપર્કમાં રહી હતી. શંકાસ્પદોમાંની એક સોલાપુર સ્થિત પરિણીત મુસ્લિમ મહિલા છે જે ૪૦ વર્ષની ઉંમરે નેટવર્ક માર્કેટિંગનો વ્યવસાય ચલાવે છે, જેની તાજેતરમાં ભારતની બાહ્ય ગુપ્તચર એજન્સી, (રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ) ની એક ટીમ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી.

# ભારતમાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ ૨.૫૦ લાખ યુનિટને વટાવી ગયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટાટા મોટર્સે જાહેરાત કરી છે કે ભારતમાં ઈલેક્ટ્રિક કાર (EVs)નું તેનું કુલ વેચાણ ૨,૫૦,૦૦૦ યુનિટને વટાવી ગયું છે. આ સિદ્ધિ કંપનીના ઈલેક્ટ્રિક પેસેન્જર વાહન વ્યવસાય માટે એક મોટો સીમાચિહ્નરૂપ છે.

ટાટાએ ૨૦૨૦માં તેની પ્રથમ નિયમિત ઈલેક્ટ્રિક કાર, Nexon EV લોન્ચ કરી હતી. હવે આ SUV ભારતમાં કુલ વેચાણમાં ૧,૦૦,૦૦૦ યુનિટને વટાવી જનારી પ્રથમ ઊટ બની ગઈ છે.

કંપનીના જણાવ્યા અનુસાર, આ નવો આંકડો તેની હાલની ઊટ રેન્જમાંથી આવ્યો છે, જેમાં exon EV, Harrier EV, Tiago EV, ફ્લીટ સેગમેન્ટ માટે Xpress-T EV અને



તાજેતરમાં લોન્ચ થયેલી Punch EVનો સમાવેશ થાય છે.

ટાટાએ જણાવ્યું હતું કે, તેની ઈલેક્ટ્રિક કાર પેસેન્જર ઊટ માર્કેટમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે, જે EV સેગમેન્ટમાં તેના પ્રારંભિક પ્રવેશ અને વિવિધ બોડી સ્ટાઇલ અને કિંમત બિંદુઓમાં મોડેલોની ઉપલબ્ધતાને કારણે છે.

ટાટા મોટર્સે જણાવ્યું હતું કે ખાનગી ગ્રાહકો અને ફ્લીટ ઓપરેટરો, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ઈલેક્ટ્રિક વાહનોની વધતી માંગને કારણે EVનું વેચાણ વધી રહ્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર, ટાટા EV માલિકોએ અત્યાર સુધીમાં સામૂહિક રીતે ૫ અબજ કિલોમીટરથી વધુ વાહન ચલાવ્યું છે. આ ડેટા દર્શાવે છે કે લોકો ફક્ત મર્યાદિત ઉપયોગ માટે જ નહીં, પરંતુ રોજિંદા જરૂરિયાતો માટે EV અપનાવી રહ્યા છે.

ટાટા ભારતમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સતત રોકાણ કરી રહ્યું છે. ટાટા પાવર સાથે સહયોગથી બનેલા નેટવર્કમાં હવે દેશભરમાં ૨૦,૦૦૦થી વધુ જાહેર ચાર્જિંગ પોઈન્ટ છે. કંપનીએ એવી પણ જાહેરાત કરી હતી કે તે તેના અનોખા EV આર્કિટેક્ચર પર આધારિત નવા ઈલેક્ટ્રિક મોડેલ્સ રજૂ કરવાની તૈયારી કરી રહી છે.

# જાપાન મંત્રીમંડળે ૫૮ અબજ ડોલરના સંરક્ષણ બજેટને મંજૂરી આપી રેકોર્ડ બનાવ્યો

**મુખ્ય સમાચાર, ટોક્યો**

ટોક્યો જાપાનના મંત્રીમંડળે શુક્રવારે આગામી વર્ષ માટે ૯ ટ્રિલિયન યેન (૫૮ બિલિયન) થી વધુના સંરક્ષણ બજેટને મંજૂરી આપી હતી. આ રેકોર્ડ સંરક્ષણ બજેટ યોજનાનો ઉદ્દેશ્ય પ્રદેશમાં વધતા તણાવ વચ્ચે ક્રુઝ મિસાઇલો અને માનવરહિત શસ્ત્રો સાથે તેની પ્રતિ-હુમલા ક્ષમતા અને દરિયાકાંઠાના સંરક્ષણને મજબૂત બનાવવાનો છે.

એપ્રિલથી શરૂ થતા નાણાકીય વર્ષ ૨૦૨૬ માટેનો ડ્રાફ્ટ બજેટ ૨૦૨૫ કરતા ૯.૪ ટકા વધારે છે. જાપાનના ચાલુ પાંચ વર્ષના કાર્યક્રમનું આ ચોથું વર્ષ છે જેનો ઉદ્દેશ્ય વાર્ષિક શસ્ત્ર ખર્ચને કુલ સ્થાનિક ઉત્પાદનના ૨ ટકા સુધી બમણો કરવાનો છે.

સંરક્ષણ બજેટમાં આ વધારો



એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે જાપાન ચીન સાથે વધતા તણાવનો સામનો કરી રહ્યું છે. જાપાનના વડા પ્રધાન સના તાકાઈચીએ નવેમ્બરમાં કહ્યું હતું કે જો ચીન તાઈવાન સામે કોઈ કાર્યવાહી કરે છે, તો તેમના દેશની સેના હસ્તક્ષેપ કરી શકે છે, એક સ્વ-શાસિત ટાપુ જેને બેઇજિંગ તેના શાસન હેઠળ લાવવા માંગે છે.

અમેરિકાના દબાણ હેઠળ, તાકાચી સરકારે માર્ચ સુધીમાં લશ્કરી શક્તિ વધારવા માટે ૨ ટકાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાનું વચન આપ્યું, જે નિર્ધારિત સમય કરતાં બે વર્ષ વહેલું છે. જાપાન તેની લશ્કરી શક્તિને વધુ મજબૂત બનાવવા માટે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તેની હાલની સુરક્ષા અને સંરક્ષણ નીતિમાં સુધારો કરવાની પણ યોજના ધરાવે છે.

મિસાઈલો અને ડ્રોન દક્ષિણપશ્ચિમ ટાપુના સંરક્ષણને મજબૂત બનાવશે. જાપાને દૂરથી દુશ્મનના લક્ષ્યો પર હુમલો કરવા માટે લાંબા અંતરની મિસાઇલો સાથે તેની આક્રમક ક્ષમતાઓને મજબૂત બનાવી છે, જે બીજા વિશ્વયુદ્ધ પછીના સિદ્ધાંતથી એક મોટો ફેરફાર છે જેણે બળનો ઉપયોગ સ્વ-બચાવ સુધી મર્યાદિત કર્યો હતો.

૨૦૨૨ માં અપનાવવામાં આવેલી વર્તમાન સુરક્ષા વ્યૂહરચના, ચીનને દેશના સૌથી મોટા વ્યૂહાત્મક પડકાર તરીકે ઓળખે છે. જાપાનના સ્વ-રક્ષણ દળને યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના તેના સુરક્ષા જોડાણમાં વધુ આક્રમક ભૂમિકા ભજવવા માટે હાકલ કરવામાં આવી છે.

# મોરબીના પ્રૌઢ ખેડૂત હનીટ્રેપમાં ફસાયા, રૂ. ૫૩.૫૦ લાખની ઠગાઈ

### મહિલા સહિત ૮ આરોપીઓ સામે મોરબી પોલીસ મથકે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના એક પ્રૌઢ ખેડૂતને હનીટ્રેપમાં ફસાવી આરોપીઓએ રૂ. ૫૩.૫૦ લાખ પડાવી લીધા હોવાનો બનાવ સામે આવ્યો છે. આ પ્રકરણમાં મુખ્ય મહિલા આરોપી ખુશીબેન પટેલ સહિત કુલ ૮ વ્યક્તિઓની સંડોવણી બહાર આવી છે. વિવિધ જગ્યાએ રહેતા આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી ખેડૂત પાસેથી સોનાનો ચેઈન, સોનાના ચાર બિસ્કિટ તથા રોકડ રકમ ધાક ધમકી, મારકુટ, અપહરણ કરી પડાવી લીધા હતા. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ભોગ બનનાર ખેડૂતની ફરિયાદને આધારે મોરબી પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી શહેરમાં અવની ચોકડી નજીક શક્તિપાર્કમાં રહેતા ભરતભાઇ અમરશીભાઈ કાસુન્દ્રા ઉવ.૫૯ નામના પ્રૌઢ ખેડૂત પૂર્વ આયોજિત હનીટ્રેપના શિકાર બન્યા હતા. જે બાબતે ભરતભાઇએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ખુશીબેન પટેલ રહે.ગોંડલ, મુકેશભાઈ આલ રહે.સુદામડા બોટાદ, રામાભાઈ હાડગડા રહે.નાગલપર બોટાદ, જીલાભાઈ ભરવાડ રહે. બોટાદ, મનીષભાઈ ગારીયા રહે.બોટાદ, પાંચાભાઈ કોળી રહે. તીથવા તા. વાંકાનેર, કરણભાઈ ઉર્ફે કે.કે.વરૂ રહે. વાંકાનેર, દેવાંગ વેલાણી કોળી રહે. બોટાદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ મુજબ, ફરીયાદી ભરતભાઈને તેમની વાડીએ મજુરની જરૂરત હોય જેથી આરોપી પાંચાભાઈ કોળીને વાત કરતા આરોપીઓએ કાવત્રુ રચી, આરોપી પાંચાભાઈએ મહિલા આરોપી ખુશીબેનનો ફરીયાદી ભરતભાઈને કોન્ટેક કરાવી આપતા, આ આરોપી ખુશીબેન ફરીયાદીની વાડીએ મજુરી માટે તેમની વાડીએ આવ્યા હતા. ત્યારે આરોપી ખુશીબેને પોતાના કપડાં કાઢી ફરિયાદી ભરતભાઈને બથ ભરી લીધી હતી તે સમયે અન્ય તમામ આરોપીઓએ વાડીએ આવી ગયા અને ફોટા તેમજ વિડીઓ ઉતારી લીધા હતા. જે બાદ ફરીયાદી સાથે મારકુટ કરી તેઓને છેડતી, બળાત્કારની ફરીયાદની ખોટી ધમકી આપી ફરીયાદીને લાફા મારી તેમની પાસે એક કરોડ ચૌદ લાખની માંગણી કરી હતી. તે પૈકી ફરીયાદી પાસેથી ૧૦૦-૧૦૦ ગ્રામના ૪-સોનાના બીસ્કીટ કિ.રૂ.૫૦,૦૦,૦૦૦/- તથા સોનાનો અઢી તોલાનો ચેઇન કિ.રૂ.૨,૫૦,૦૦૦/- તથા રોકડા રૂ. ૧,૦૦,૦૦૦/- ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી કુલ મુદામાલ રૂ.૫૩,૫૦,૦૦૦/- બળજબરી પુર્વક કઢાવી લીધા હતા. જેના થોડા દિવસો બાદ અન્ય ત્રણ આરોપીઓ ભરતભાઈને તેમની વાડીએથી અપહરણ કરી લઇ જઇ ગોંધી રાખી તેમને અને તેમના પરિવારને મારી નાખવાની ધમકીઓ આપી વધુ રૂપિયાની માંગણી કરી હતી. હાલ પોલીસે મહિલા સહિત તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી)ના ફતેપર ગામે ટેન્કરમાંથી ડીઝલ ચોરીનો પ્રયાસ કરનાર ઝડપાયો, રૂ. ૩૬.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત




**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના ફતેપર ગામે ટેન્કરમાંથી ડીઝલ ચોરીનો પ્રયાસ કરતા એક ઈસમને પોલીસે ઝડપી લીધો છે. રેઇડની કાર્યવાહી દરમિયાન રૂ.૩૬,૧૦,૯૨૩/-નો મુદ્દામાલ જપ્ત કરી માળીયા(મી) પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષક મોરબી વિભાગના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ડીઝલ ચોરી તથા ઘરફોડ ચોરી જેવી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અનુસંધાને માળીયા(મી) પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. દરબારના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ સક્રિય હોય તે દરમ્યાન બાતમી મળી હતી કે ફતેપર ગામના ખરાવાડ વિસ્તારમાં અમુક ઈસમો ટેન્કરમાંથી ગેરકાયદેસર રીતે ડીઝલ ચોરી કરી તેનું વેચાણ કરે છે. આ માહિતીના આધારે પોલીસ દ્વારા રેઇડ હાથ ધરવામાં આવી હતી, જેમાં ટેન્કર નં. જીજે-૦૩-બીવાય-૬૬૦૧માંથી ડીઝલ ચોરી કરવાનો પ્રયાસ કરતા આરોપી દિલીપભાઇ વરજાગભાઇ વિરડા ઉવ.૩૯ રહે. ફતેપર ગામ વાળાને ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરવાના સાધનો સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે ટેન્કર કિ.રૂ.૧૫ લાખ તથા તેમાં ભરેલ ૨૪,૦૦૦ લીટર ડીઝલ કિં.રૂ.૨૧,૧૦,૯૨૩/- સહિત કુલ રૂ. ૩૬,૧૦,૯૨૩/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ૭૨ કલાક પૂર્વે જાણ ન કરવાના બહાને સારવારનો ક્લેઈમ નામંજુર કરનાર વીમા કંપનીને ગ્રાહક અદાલતની ફિટકાર



**મુખ્ય સમાચાર, મોરબી**

કોરોનાની બીમારીમાં સારવારના ક્લેઇમને નામંજુર કરનાર ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની સામે ગ્રાહક અદાલતે કડક ચુકાદો આપ્યો છે. જેમાં ગ્રાહક તરફી ચુકાદો આપતા નામદાર અદાલતે વીમા કંપનીને રૂ. ૨.૫૦ લાખ સાથે ૭% વ્યાજ અને ખર્ચ ચૂકવવાનો આદેશ કર્યો છે.

મોરબી શહેર/ જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાની યાદીમાં જણાવ્યા અનુસાર, જામ ખંભાળીયાના તાલુકા વિકાસ અધિકારી દિપાબેન કોટકનો ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપનીમાં મેડિકલ વીમો હતો. વર્ષ ૨૦૨૨માં કોરોના બીમારી દરમિયાન તેમને અંદાજે રૂ. ૨,૫૦,૦૦૦/-નો સારવાર ખર્ચ થયો હતો અને તેના તમામ કાગળો તથા દસ્તાવેજી પુરાવા વીમા કંપનીને રજૂ કરવામાં આવ્યા હતા. તેમ છતાં વીમા કંપનીએ ''દર્દીએ ૭૨ કલાક પહેલા જાણ કરવી જોઈએ'' જેવા નજીવા કારણ બતાવી મેડિકલ ક્લેઇમ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. આથી દિપાબેન કોટકે મોરબી શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા મારફતે ગ્રાહક અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. કેસની સુનાવણી બાદ નામદાર અદાલતે વીમા કંપનીની દલીલ નામંજુર કરી અને સ્પષ્ટ કર્યું કે ગ્રાહકે પ્રીમિયમ ચૂકવ્યું છે તથા સારવાર લીધી છે, તેથી વીમા રકમ ચૂકવવી વીમા કંપનીની ફરજ છે. અદાલતે વીમા કંપનીની સેવામાં ખામી ગણાવી રૂ. ૨,૫૦,૦૦૦/- તથા રૂ. ૧૦,૦૦૦/- ખર્ચની રકમ તા. ૨૯-૦૬-૨૦૨૨થી ૭% વ્યાજ સાથે ૫૦ દિવસમાં ચૂકવવાનો આદેશ આપ્યો છે, અને સમયમર્યાદામાં ચુકવણી ન થાય તો ૯% વ્યાજ ચૂકવવાનો પણ આદેશ ફરમાવ્યો છે.

# મોરબીના લાભનગર-૨ માં તીનપત્તિની બાઝી માંડી બેઠેલા પાંચ પોલીસ ઝપટે ચડ્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ વેજિટેબલ રોડ ઉપર લાભનગર-૨ ખાતે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમતા હોવાની મળેલ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ ટીમે રેઇડ કરતા જ્યાં જુગારની બાઝી માંડી બેઠેલા ચંદુભાઇ ચકુભાઇ ઝીંઝવાડીયા ઉવ.૫૧ રહે વેજીટેબલ રોડ વાડી વિસ્તાર મોરબી, દિનેશભાઇ બીજલભાઇ બોરીચા ઉવ.૫૭ રહે.રણછોડ નગર સેન્ટમેરી સ્કુલની બાજુમાં મોરબી, સંજયભાઇ રવજીભાઇ સાલાણી ઉવ.૨૩ રહે વેજીટેબલ રોડ લાભનગર મોરબી, રાજેશભાઇ મહાદેવભાઇ જાલરીયા ઉવ.૪૫ રહે વાવડી ગામ તા.જી.મોરબી તથા રણજીતભાઇ ભીમજીભાઇ ધામેચા ઉવ.૪૫ રહે.વેજીટેબલ રોડ મફતીયાપરા મોરબી વાળાને રોકડા રૂ.૧૦,૨૦૦/-સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# "મોરબી મસ્તી સ્ટ્રીટ"માં બાળપણની રમતો સાથેનું અનોખું આયોજન




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા અને રોટરી ક્લબ ઓફ મોરબી દ્વારા ''મોરબી મસ્તી સ્ટ્રીટ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધમાલ ગલી કાર્યક્રમનું તા.૨૮/૧૨/૨૦૨૫, રવિવારે સરદારબાગ ખાતે આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બાળકો થી લઈને વૃદ્ધો માટે શેરી રમતોની મોજ માણવાની તક મળશે.

મોરબી મહાનગરપાલિકા તથા રોટરી ક્લબ ઓફ મોરબી દ્વારા શહેરવાસીઓ માટે એક અનોખું અને આનંદદાયક આયોજન ''મોરબી મસ્તી સ્ટ્રીટ''ના નામે સરદારબાગ, સનાળા રોડ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આજની વ્યસ્ત જીવનશૈલી વચ્ચે લોકોને પોતાના બાળપણની મીઠી યાદોમાં પાછા લઈ જવાનો અને પરિવાર તથા મિત્રો સાથે આનંદની પળો માણવાનો છે. કાર્યક્રમમાં લંગડી, ધમાલ્યો ધોકો, કોથળા દાવ, લીંબુ-ચમચી, આંધળો પાટો, ભમરડો સહિતની પરંપરાગત શેરી રમતો રમાડવામાં આવશે.

બાળકો સાથે સાથે યુવાનો અને વૃદ્ધો પણ આ રમતોમાં ઉત્સાહભેર ભાગ લઈ શકશે. કાર્યક્રમ તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫, રવિવારે સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે અને તેમાં કોઈપણ પ્રકારનો એન્ટ્રી ચાર્જ રાખવામાં આવ્યો નથી. મોરબી મહાનગરપાલિકા અને રોટરી ક્લબ ઓફ મોરબી દ્વારા તમામ મોરબીવાસીઓને પરિવાર અને મિત્રમંડળ સાથે પધારી ''મોરબી મસ્તી સ્ટ્રીટ''માં ધમાલ કરવાની ઉષ્માભરી અપીલ કરવામાં આવી છે.

# MMC@1 અંતર્ગત મોરબી મનપાની સેલ્ફી સ્પર્ધા નાગરિકોને વિકાસમાં જોડાવાનું આમંત્રણ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા MMC@1 નાગરિક ભાગીદારી અભિયાન અંતર્ગત સેલ્ફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં થયેલા વિકાસ કાર્યો સાથે સેલ્ફી લઈને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નાગરિકો ઈનામો જીતવાની તક મેળવી શકે છે.

મોરબી મહાનગરપાલિકાના સ્થાપનાના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે MMC@1 અભિયાન અંતર્ગત નાગરિક ભાગીદારી વધારવાના હેતુથી સેલ્ફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ નાગરિકો શહેરમાં થયેલા રોડ, બ્રિજ, ગાર્ડન, લાઇબ્રેરી, સ્ટ્રીટ લાઇટિંગ, સ્વચ્છતા અભિયાન તેમજ અન્ય વિકાસ કાર્યો સાથે સેલ્ફી લઈ પોતાની ભાગીદારી દર્શાવી શકશે. સ્પર્ધા તા. ૨૫ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર દરમિયાન યોજાશે, જેમાં ભાગ લેવા માટે Instagram, Facebook અથવા Twitter પર સેલ્ફી પોસ્ટ કરવી ફરજિયાત રહેશે. પોસ્ટ કરતી વખતે #MMC@1 હેશટેગનો ઉપયોગ કરવો અનિવાર્ય રાખવામાં આવ્યો છે. શ્રેષ્ઠ સેલ્ફી માટે પ્રથમ ઇનામ રૂ.૨,૫૦૦, દ્વિતીય ઇનામ રૂ.૧,૫૦૦ અને તૃતીય ઇનામ રૂ.૧,૦૦૦ જાહેર કરવામાં આવ્યા છે. આ અભિયાન દ્વારા મોરબીના વિકાસ, પ્રગતિ અને ગૌરવને ઉજાગર કરી નાગરિકોને શહેરના વિકાસ યાત્રામાં સક્રિય રીતે જોડાવાનો સંદેશ આપવામાં આવ્યો છે.

# વાંકાનેરના બોકડથંભા ગામ નજીક ઓવરટેક કરતા ટ્રકની અડફેટે મોટરસાયકલ ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના બોકડથંભા ગામ પાસે માર્ગ અકસ્માતની ગંભીર ઘટના સામે આવી છે, જેમાં ફૂલ સ્પીડમાં ઓવરટેક કરવા જતા ટ્રકે મોટરસાયકલને પાછળથી ટક્કર મારતા મોટર સાયકલ ચાલક ટ્રકના પાછળના ટાયરના જોટ્ટામાં આવી જતા મોટર સાયકલ ચાલકનું સ્થળ ઉપર કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત ચાલકનું મોત થયું હતું. હાલ મૃતકના પુત્રની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર તાલુકાના બોકડથંભા ગામ નજીક દિઘલીયા રોડ પર ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં કાનજીભાઈ મેરુભાઈ સરાવાડીયા ઉવ.૫૯ રહે. બોકડથંભા ગામ તા.વાંકાનેર વાળા ગત તા.૨૩/૧૨ ના રોજ પોતાનું મોટરસાયકલ રજી.નં. જીજે-૦૩-સીકે-૬૨૯૨ લઈને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે પાછળથી ફુલ સ્પીડમાં આવતા ટ્રક રજી.નં. જીજે-૧૨-બીવી-૮૪૬૮ ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે મોટરસાયકલને અડફેટે લેતા, મોટર સાયકલ ચાલક કાનજીભાઈ ટ્રકના પાછળના ટાયરના જોટ્ટામાં આવી ગયા હતા.

જેથી કાનજીભાઈને માથામાં અને શરીરે ગંભીર ઇજાઓ પહોચતા તેઓનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું. હાલ અકસ્માતના બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે આરોપી ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાર્થક વિદ્યામંદિરમાં દસમા તુલસી દિવસની ભાવભીની ઉજવણી






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્થિત સાર્થક વિદ્યામંદિરમાં તા. ૨૫/૧૨/૨૦૨૫, ગુરુવારે દસમા તુલસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તુલસીનું વૈજ્ઞાનિક મહત્વ રજૂ કરી સમાજસેવામાં યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરાયું હતું. મોરબીની સાર્થક વિદ્યામંદિરમાં દસમા તુલસી દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તુલસીના રોપા તથા માંજરનું વિતરણ કરવામાં આવ્યું તેમજ વિવિધ ઓર્ગેનિક અને આયુર્વેદિક વસ્તુઓનું રાહત દરે વેચાણ અને માહિતી પ્રદર્શની યોજાઈ હતી. આ સાથે શાળ-ામાં ચાલતા વિવિધ કંઠસ્થીકરણ પ્રકલ્પોની કૃતિઓ તેમજ સમાજ જાગૃતિ માટે શિક્ષકો દ્વારા રજૂ કરાયેલી કૃતિઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. કાર્યક્રમ દરમિયાન તુલસીના વૈજ્ઞાનિક અને આયુર્વેદિક મહત્વ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. દર વર્ષની પરંપરા મુજબ તુલસી પૂજન અને તુલસી સન્માન યોજાઈ, જેમાં સ્વચ્છતા, સલામતી, સેવા, શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓ તથા સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે શહીદ જવાન ગણેશભાઈ મનસુખભાઈ પરમારના પરિવાર, નીતાબેન પટેલ, મયુર હોસ્પિટલના પ્રતિનિધિ બારોટ સાહેબ, ફાયર સેફ્ટી એન્ડ ઈમરજન્સી સર્વિસના દેવેન્દ્રસિંહ જાડેજા, મોરબી નગરપાલિકાના પ્રતિનિધિ અનુરાગભાઈ સંતોકી તથા શિક્ષણ ક્ષેત્રે દીપાબેન કોટેચાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળાના સંચાલક કિશોર ગુરુજીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિવેક ગુરુજી અને સન્માન કાર્યક્રમનું સંચાલન માનસેતા સાહેબે કર્યું હતું તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં તમામ બાંધકામ સ્થળોએ માહિતી ફોર્મ લગાવવું ફરજિયાત

### નિયમ ભંગ અંગે મહાપાલિકા દ્વારા કડક કાર્યવાહી થશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત સરકારના નવા નિયમ મુજબ મોરબી શહેરમાં ચાલતા તમામ બાંધકામ સ્થળોએ કન્સ્ટ્રક્શન ઈન્ફોર્મેશન ફોર્મ લગાવવું અનિવાર્ય બનાવાયું છે. નિયમનો હેતુ બાંધકામ ક્ષેત્રમાં પારદર્શિતા લાવવાનો અને ગેરકાયદેસર બાંધકામ અટકાવવાનો છે.

ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકાયેલા તાજેતરના નિયમો અનુસાર હવે મોરબી શહેર વિસ્તારમાં તમામ પ્રકારના બાંધકામ સ્થળોએ સરકાર દ્વારા નિર્ધારિત કન્સ્ટ્રક્શન ઈન્ફોર્મેશન ફોર્મ ફરજિયાત રીતે લગાવવું પડશે. આ ફોર્મમાં મિલકતનો પ્રકાર, બાંધકામની મંજૂરી નંબર, મંજૂરી આપનાર સત્તાધિકારીનું નામ, કુલ બાંધકામ વિસ્તાર, માલિક તથા કોન્ટ્રાક્ટરનું નામ અને સંપર્ક વિગતો જેવી મહત્વની માહિતી જાહેર રીતે દર્શાવવાની રહેશે. નિયમનો મુખ્ય ઉદ્દેશ શહેરમાં ચાલી રહેલા બાંધકામમાં પારદર્શિતા જાળવવી, ગેરકાયદેસર બાંધકામ પર રોક લગાવવી અને નાગરિકોને યોગ્ય માહિતી ઉપલબ્ધ કરાવવાનો છે. જો કોઈ બાંધકામ સ્થળે આ ફરજિયાત ફોર્મ ન લગાવાયું હોય તો તેને નિયમવિરુદ્ધ ગણવામાં આવશે. આવા કિસ્સામાં મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા નોટિસ, દંડાત્મક કાર્યવાહી તેમજ જરૂરી જણાય તો બાંધકામ કાર્ય તાત્કાલિક બંધ કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે. મહાનગરપાલિકાએ તમામ બિલ્ડરો, ડેવલોપર્સ, કોન્ટ્રાક્ટરો અને મિલકત માલિકોને નિયમોનું કડક પાલન કરવાની અપીલ કરી છે અને શહેરમાં સતત ચેકિંગ કરવામાં આવશે તેમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

# વાંકાનેર બાઉન્ડ્રી ટોલનાકે ટ્રક પાછળ બાઈક અથડાતાં યુવકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી ટોલનાકે વાહનોની લાંબી લાઇન હતી તે દરમિયાન મોટર સાયકલ ચાલકે પોતાનું વાહન પુરપાટ ગતિએ ચલાવી આવી ટોલનાકે ઉભેલ ટ્રક ટ્રેઇલરના ઠાઠામાં અથડાવતા મોટર સાયકલના ચાલકને ગંભીર ઇજાઓ પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે પોલીસે આરોપી મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર બાઉન્ડ્રી ટોલનાકાથી આગળ ચોટીલા તરફ ચામુંડા હોટલ પાસે હાઈવે રોડ પર ગત તા. ૧૩/૧૨/૨૦૨૫ના રોજ રાત્રીના આશરે સાડા નવ વાગ્યાના અરસામાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં મરણજનાર લેરસિંહ ભેરૂસિંહ સીસોદીયા ઉવ.૨૨ રહે. હાઉસિંગ બોર્ડ દુધસાગર રોડ, આજીડેમ ચોકડી રાજકોટ મૂળ રહે. કુંડાલ ગાવ કઠાર તા. બડગાવ જી. ઉદયપુર રાજસ્થાન વાળા પોતાનું મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-સીજે-૭૩૦૦ ઉપર જઈ રહ્યા હતા. ત્યારે ટોલનાકા પાસે વાહનોની લાંબી લાઇન હોવા છતાં તેઓ બેફિકરાઈપૂર્વક પુરઝડપે વાહન ચલાવતા ટ્રક કન્ટેનર રજી.નં. જીજે-૧૯-ટીવાય-૩૦૯૫ના પાછળના ભાગે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવારમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી મૃતક મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીની દિકરી ડો. હિતાર્થી વડસોલા ગોલ્ડ મેડલિસ્ટ બની, રાજ્યપાલના હસ્તે ગૌરવપૂર્ણ સન્માન




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના એમ.ડી. ડો. હિતાર્થી વડસોલાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્યપાલ દેવવ્રત અને શિક્ષણમંત્રીના હસ્તે મળેલા આ સન્માનથી મોરબીનું ગૌરવ વધ્યું છે.

મોરબીની દીકરી ડો. હિતાર્થી વડસોલાએ પોતાની અભ્યાસક્ષમતા અને પ્રતિભાના બળે ગોલ્ડ મેડલ મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. ડો. હિતાર્થી વડસોલા જીલ્લા અને રાજ્યના શિક્ષણ ક્ષેત્રના અગ્રણી દિનેશભાઈ વડસોલાની પુત્રી તથા રાજકોટ સ્થિત રામકૃષ્ણ આશ્રમમાં આંખના સર્જન તરીકે સેવા આપતા ડો. તરૂણ વડસોલાની બહેન છે. બાળપણથી જ કુશાગ્ર બુદ્ધિ ધરાવતી હિતાર્થીએ વર્ષ ૨૦૧૧માં રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસમાં ''ઘર વપરાશમાં સૌર ઊર્જાનો ઉપયોગ'' વિષયક સંશોધન નિબંધ રાષ્ટ્રીય કક્ષાએ પસંદ કરાવ્યો હતો, જેનું પ્રદર્શન કોલકત્તામાં એ.પી.જે. અબ્દુલ કલામની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પણ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ડૉ. હિતાર્થી વડસોલાએ ગુરુ ગોવિંદસિંહ મેડિકલ કોલેજ, જામનગરથી ની પદવી મેળવી અને કોરોના કાળ દરમિયાન ઈન્ટર્નશિપ કરતી વખતે દર્દીઓની નોંધપાત્ર સેવા કરી હતી. ત્યારબાદ પીજી-નીટ પરીક્ષામાં ઉત્કૃષ્ટ સફળતા મેળવી પંડિત દિનદયાલ ઉપાધ્યાય મેડિકલ કોલેજમાંથી એનેસ્થેશિયા વિષયમાં એમ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. હાલમાં તેઓ ભુવનેશ્વર (ઓડિશા) સ્થિત સમ હોસ્પિટલમાં એનેસ્થેટિસ્ટ તરીકે ફરજ બજાવી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.ડી.માં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ તેમને ગોલ્ડ મેડલ માટે પસંદ કરવામાં આવ્યા હતા. કાનજી ભૂટા બારોટ કન્વેન્શન હોલ ખાતે યોજાયેલા સમારંભમાં ચાર હજારથી વધુ ડોક્ટરો અને વિવિધ વિદ્યાશાખાના તેજસ્વી વિદ્યાર્થીઓની હાજરીમાં રાજ્યપાલ દેવવ્રત તથા શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના હસ્તે ડો. હિતાર્થી વડસોલાને ગોલ્ડ મેડલ અર્પણ કરવામાં આવ્યું હતું. મોરબીની દીકરી ગોલ્ડ મેડલિસ્ટ બનતાં શહેરમાં ગૌરવ અને આનંદની લાગણી સાથે ચોતરફથી અભિનંદન વર્ષા થઈ રહી છે.

# મોરબી જીલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ ૮ માસના માસુમ સહિત ત્રણના મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં અલગ અલગ વિસ્તારમાં અપમૃત્યુના ત્રણ બનાવોમાં કુલ ત્રણ વ્યક્તિઓના મોત થયા છે. જેમાં વાંકાનેરમાં એક મહિલાએ એસિડ પી લેતા સારવાર દરમિયાન મોત થયું, પીપળીયારાજ ગામે વાડીમાં ટ્રેક્ટર અકસ્માતે ૮ માસના માસુમનું કરૂણ મોત થયું હતું, જ્યારે હળવદ તાલુકામાં યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. ત્રણેય બનાવોમાં સંબંધિત પોલીસ સ્ટેશનોમાં અ.મોતની નોંધ કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

અપમૃત્યુના પ્રથમ બનાવમાં વાંકાનેરના ચંદ્રપુર ગામે રહેતા વસંતબેન મનોજભાઈ પરમાર ઉવ.૫૨એ તા.૨૪/૧૨ ના રોજ કોઈ કારણસર પોતાના ઘરે એસિડ પી લીધું હતું. જેથી તેમને તાત્કાલિક રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તા. ૨૫/૧૨ના રોજ સારવાર દરમિયાન ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.

અપમૃત્યુનો બીજો બનાવ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પીપળીયારાજ ગામે નોંધાયો હતો. જ્યાં શ્રમિક પરિવાર કપાસની વાડીમાં કામ કરતા હોય ત્યારે તેમના ૮ માસના દીકરાને વાડીના શેઢે ઉભેલ ટ્રેક્ટરના છાયામાં બેસાડેલ હતો, તે દરમિયાન બાળકો રમતા ટ્રેક્ટર ઉપર રમતા હતા ત્યારે ટ્રેક્ટર થોડું આગળ સરકતા, ટ્રેક્ટરનું ટાયર ૮ માસના માસુમ કિર્તનભાઈ હુમલાભાઈ ભગુભાઈ માવીના શરીર પર ફરી વળતા, બાળકને ગંભીર ઈજાઓ પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

જ્યારે ત્રીજા અપમૃત્યુના બનાવની પ્રાપ્ત વિગત મુજબ, હળવદ તાલુકાના રાયસંગપર ગામે રહેતા અજયભાઈ માનસંગભાઈ સોઢા ઉવ.૩૪ નામનો યુવક કોઈ કામધંધો કરતો ન હોય જે બાબતે માતાપિતા દ્વારા તેને ઠપકો આપતા, જે બાબતનું લાગી આવતા, મૃતક અજયભાઈએ ગત તા.૨૪/૧૨ ના રોજ પોતાના રહેણાક મકાનમાં એકલતાનો લાભ લઈ લોખંડની એંગલ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. હાલ હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# નલિયા ફરી ઠુંગરાયુઃ ૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચાલુ શિયાળુ મોસમમાં આજે બીજી વાર નલિયા ખાતે સિંગલ ડિજીટમાં તાપમાન નોંધાયુ હતું અને લઘુતમ તાપમાન ૯.૫ ડિગ્રી નોંધાતા નલિયાવાસીઓએ તિવ્ર ઠંડી અનુભવી હતી. આ ઉપરાંત આજે રાજકોટ, જુનાગઢ, અમરેલી, ડિસા અને વડોદરાવાસીઓએ પણ શિતલહેરો વચ્ચે ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. આજે સવારે રાજકોટમાં ૧૩.૮, અમરેલીમાં ૧૩.૨, જુનાગઢમાં ૧૩.૨, વડોદરામાં ૧૩.૬ તથા ડિસામાં ૧૩.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તેમજ અમદાવાદમાં ૧૫.૩, ભાવનગરમાં ૧૬.૨, ભુજમાં ૧૪.૧, દમણમાં ૧૭, દિવમાં ૧૫.૫, દ્વારકામાં ૧૭.૧, ગાંધીનગર ૧૪.૨ તેમજ કંડલામાં ૧૫.૨, ઓખામાં ૨૦.૮, સુરતમાં ૧૬.૬ અને વેરાવળ ખાતે ૧૮.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. વધુમાં મળતા અહેવાલો મુજબ આજે સવારે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે નોંધાયેલ તાપમાન મુજબ મેકસીમમ પારો ૧૫.૪ ડિગ્રીએ નોંધાયો હતો. જયારે મીનીમમ નીચે ઉતરીને ૧૩.૫ ડિગ્રીએ પહોંચ્યો હતો. ગિરનાર પર્વત ઉપર ૮.૨ ડિગ્રીએ નોંધાયો હતો. એકંદરે ઠંડીનું પ્રમાણ વધી જવા પામ્યું છે. ઠારનો અહેસાસ થવા પામ્યો છે.

# શિષ્યોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરે અને તેમના જીવન નિર્માણની જવાબદારી પણ ઉપાડે તે આચાર્યઃ રાજ્યપાલ



## ૧૪ વિદ્યાશાખાના ૧૬૦ વિદ્યાર્થીઓને ૧૭૮ ગોલ્ડ મેડલ એનાયત કરાયા ૧૮૬ વિદ્યાર્થીઓને ૨૭૧ પ્રાઈઝ અપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા અને શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં આજે રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૬૦મો પદવીદાન સમારોહ યોજાયો હતો. કાનજી ભુટ્ટા બારોટ રંગમંચ ખાતે 'સ્વદેશી અપનાવો, સ્વદેશી બિરદાવો'ની થીમ સાથે યોજાયેલ આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને ગુરુજનોએ પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે, જેના પરિણામે વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરીને પદવી મેળવી શક્યા છે. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યાનું ઘણું મહત્વ છે. વિદ્યાથી મોટું કોઈ દાન નથી. શિષ્યોને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય એ ગુરુ. આપણી પ્રાચીન શિક્ષણ પરંપરામાં ગુરુ માટે આચાર્ય શબ્દ પણ વપરાયો છે. જે શિષ્યોને ફક્ત અક્ષરજ્ઞાન નથી આપતા, પરંતુ તેની સાથેસાથે શિષ્યોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરે, તેમના જીવન નિર્માણની જવાબદારી પણ ઉપાડે છે, એ આચાર્ય.

પ્રાચીન કાળમાં ભારત અનેક વિદ્યાઓથી સમૃદ્ધ દેશ હતો. લોકો શિક્ષા પ્રાપ્ત કરવા માટે ભારતમાં આવતાં હતાં. વર્તમાન સમયમાં દેશ આ જૂની પરંપરા સાથે કદમ મિલાવી રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં વિદેશીઓ અભ્યાસ કરવા માટે આવી રહ્યાં છે, જે ગૌરવપૂર્ણ બાબત છે. નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય પર પણ ભાર અપાયો છે. અભ્યાસમાં જાણકારીની સાથે વિવિધ કલાઓનો પણ સમાવેશ થતાં યુવાનો ભણતર ઉપરાંત પોતાના આગવા કૌશલ્યો વિકસાવીને પણ રોજગારી મેળવી શકે છે, તેમ રાજ્યપાલએ ઉમેર્યું હતું.

યુવાનોએ ખૂબ મહેનત કરીને મનગમતી પદવી પ્રાપ્ત કરી છે ત્યારે તેઓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવામાં સહયોગી બને તેમજ માતા-પિતા અને ગુરુજનોના જીવનમાં સહાયરૂપ બને, તેમ જણાવી રાજ્યપાલએ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

રાજ્યપાલની અનુમતિ બાદ આ કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી આરંભ કરાયો હતો. ત્યારબાદ મહાનુભાવોને સ્મૃતિ ચિહ્ન આપીને આવકાર અપાયો હતો. કુલપતિ ડૉ. ઉત્પલભાઈ જોશીએ શાબ્દિક પ્રવચન કર્યું હતું. શિક્ષણ શાખાના ડીન ડૉ. નીદત્ત બારોટ અને કુલસચિવ મનીષ ધામેચાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. ધારાબેન જોશી અને ડૉ. ચંદ્રાવાડીયાએ કર્યું હતું. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

ઉલ્લેખનીય એ છે કે, આ કાર્યક્રમમાં કુલ ૪૩,૭૯૨ વિદ્યાર્થીઓને પદવી અપાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દાતાઓના સહયોગથી ૧૮૬ વિદ્યાર્થીઓને ૨૭૧ પ્રાઈઝ અપાયા હતાં. તેમજ વિદ્યાર્થીનીઓને ૧૨૯ ગોલ્ડ મેડલ તથા વિદ્યાથીઓને ૪૯ ગોલ્ડ મેડલ એમ ૧૪ વિદ્યાશાખાના ૧૬૦ વિદ્યાર્થીઓને કુલ ૧૭૮ ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતાં.

આ દીક્ષાંત સમારોહમાં જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ, પરીક્ષા નિયામક મનીષ શાહ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટના સભ્યો, વિવિધ વિદ્યા શાખાઓના ડીન, પ્રોફેસર્સ તથા વિદ્યાર્થીઓ, બિન શૈક્ષણિક સ્ટાફ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદના દિઘડિયા ગામની સીમમાં દાટી દેવાયેલું નવજાત શિશુ મળી આવતા ચકચાર




**મુખ્ય સમાચાર, હળવદ**
**અહેવાલ – રમેશ ઠાકોર**

હળવદ તાલુકાના દિઘડિયા ગામની સીમ વિસ્તારમાં એક નવજાત શિશુને નિર્દયતાથી જમીનમાં દાટી દેવામાં આવ્યું હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ હળવદ પોલીસ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

પોલીસ દ્વારા આશરે દોઢ ફૂટ જમીન ખોદકામ કરતા ચૂંદડીમાં લપેટાયેલ હાલતમાં નવજાત બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચાવી દીધી છે.

પોલીસે મૃતદેહને કબજામાં લઈ જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ પોસ્ટમોર્ટમ સહિતની પ્રક્રિયા માટે આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. નવજાત શિશુને દાટી દેવા પાછળના કારણો શું છે, કોને અને ક્યારે આ નિર્દય કૃત્ય કર્યું તે બાબતે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

આવી અમાનવીય ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

# રાજકોટ રેલવે સ્ટેશન પર દ્રષ્ટિહીન મુસાફરો માટે બ્રેઈલ સાઈનેજ અને બ્રેઈલ મેપની સુવિધા શરૂ

## દિવ્યાંગજનની -અનુકૂળ રેલ મુસાફરીની દિશામાં મહત્વપૂર્ણ પહેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અંતર્ગત રાજકોટ રેલવે સ્ટેશન પર દ્રષ્ટિહીન મુસાફરોની સુવિધા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી બ્રેઈલ સાઈનેજ અને બ્રેઈલ મેપની આધુનિક સુવિધા શરૂ કરવામાં આવી છે. આ પહેલ રેલવેની સુગમ, સુરક્ષિત અને સમાવેશી મુસાફરી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

નવી વ્યવસ્થા અંતર્ગત રાજકોટ સ્ટેશનના મુખ્ય સ્થળો પર બ્રેઈલ લિપિમાં સાઈનેજ લગાવવામાં આવ્યા છે, જેનાથી દ્રષ્ટિહીન મુસાફરો પુરુષ શૌચાલય, મહિલા શૌચાલય, દિવ્યાંગજન શૌચાલય, પીવાનું પાણી, દિવ્યાંગજન રેમ્પ, લિફ્ટ, ફૂટ ઓવર બ્રિજ (પેદલ પાર પુલ), પૂછપરછ કાઉન્ટર અને પ્રતીક્ષાલય જેવી આવશ્યક સુવિધાઓ સુધી કોઈ પણ સહાય વિના સરળતાથી પહોંચી શકશે. આ સાથે જ બ્રેઈલ મેપ દ્વારા મુસાફરોને સ્ટેશનના સંપૂર્ણ લેઆઉટની સ્પષ્ટ જાણકારી પ્રાપ્ત થશે.

આ સુવિધાના મુખ્ય લાભો આ મુજબ છે : (૧) દ્રષ્ટિહીન મુસાફરોને સ્વતંત્ર અને સુરક્ષિત માર્ગદર્શન પ્રાપ્ત થશે., (૨) સ્ટેશન પરિસરમાં મૂંઝવણ અને અસુવિધામાં ઘટાડો થશે., (૩) સહાય પરની નિર્ભરતા ઘટવાથી સમયની બચત થશે., (૪) દિવ્યાંગજનો માટે ગરિમાપૂર્ણ અને સમાન તક આધારિત મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત થશે., (૫) રાજકોટ રેલવે સ્ટેશનને દિવ્યાંગજન-અનુકૂળ અને સમાવેશી સ્ટેશન તરીકે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આ પહેલ ''દરેક મુસાફર માટે સુલભ રેલ મુસાફરી'' ના વિઝનને સાકાર કરવાની દિશામાં એક પ્રશંસનીય પ્રયાસ છે, જેનાથી સમાજના તમામ વર્ગોને સમાન સુવિધા અને સન્માન સાથે મુસાફરી કરવાની તક મળી શકશે.

# સરદાર પટેલ સ્વદેશી પદયાત્રાનો ઢોલ નગારાના તાલે પ્રારંભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત દેશના રજવાડાઓને એક કરી અખંડ ભારતનું નિર્માણ કરનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ઉજવાઈ રહી છે. ત્યારે આજે રાજકોટના ધારાસભ્ય રમેશ ટીલાળા દ્વારા આયોજિત સરદાર૧૫૦ સ્વદેશી પદયાત્રા-૨૦૨૫ ઢોલ નગારાના તાલે ભવ્ય અને દિવ્ય માહોલમાં ગોંડલ રોડ સ્થિત સ્વામીનારાયણ ગુરુકુળથી પ્રસ્થાન થઈ હતી. જેમાં સરદાર પટેલના જીવન પ્રસંગોને વર્ણવતો સ્વદેશી ટેબ્લો બનાવવામાં આવ્યો હતો.

આ પદયાત્રામાં વિદ્યાર્થીઓ ભારત દેશનો ધ્વજ લહેરાવતા દ્રશ્યમાન થયા હતા. આ પદયાત્રા આમ તો આત્મ નિર્ભર ભારત અને સ્વદેશી અપનાવવાના નારા સ્વરૂપ છે, પરંતુ આગામી સમયમાં ગુજરાતમાં વિધાનસભા અને કોર્પોરેશનની ચૂંટણી આવી રહી છે. ત્યારે પાટીદાર સમાજ અને ખોડલધામની એકતા બતાવવાના ભાગરૂપે પદયાત્રા નિકળી હોય તેવું લાગી રહ્યું છે. ખોડલધામ ખાતે ૨૮મી ડિસેમ્બરના પૂર્ણાહુતિ થનારી પદયાત્રામાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહેશે. જેમાં ખોડલધામના ચેરમેન નરેશ પટેલ ઉદઘાટક તરીકે છે.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યોજાનારી સરદાર૧૫૦ સ્વદેશી પદયાત્રા - ૨૦૨૫ના આયોજક એવા ભાજપના ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે શહેરના સ્વામિનારાયણ ગુરુકુળથી ખોડલધામ સુધીની સરદાર પટેલ સ્વદેશી પદયાત્રાનો પ્રારંભ થયો છે. જે પદયાત્રા આજે ૨૬ ડિસેમ્બરના શાપર વેરાવળ પહોંચશે અને ગોંડલમાં રાત્રી રોકાણ કરશે. જે બાદ ૨૭મી ડિસેમ્બરના સવારે આ પદયાત્રા ગોંડલથી નીકળી કાગવડ પહોંચશે. જે બાદ ૨૮મી ડિસેમ્બરના આ યાત્રા ખોડલધામ પહોંચશે. જે દરમિયાન અલગ અલગ સમાજના લોકો અલગ અલગ પહેરવેશમાં સજ્જ થઈ આવશે.

સરદાર પટેલની આ પદયાત્રા દરમિયાન સરદાર પટેલના જીવનપ્રસંગો અને તેમના પ્રેરણાદાયી વિચારો જનસામાન્ય સુધી પહોંચે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પદયાત્રાનું વિશેષ આકર્ષણ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સાથેનો તૈયાર કરાયેલ સ્વદેશી રથ (ટેબ્લો) હતો. જે પદયાત્રા સાથે જોડાયો હતો.

# જામનગરમાં ગુરુદ્વારા નજીક વીર બાળ દિવસની ભવ્ય ઉજવણી કરાઈઃ સાહિબઝાદાના બલિદાનને શ્રદ્ધાંજલિ અપાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગુરુદ્વારા નજીક નવા ફલાય ઓવરબ્રિજ નીચે વીર બાળ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, અને સાહિબઝાદાના બલિદાનને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન અનુસાર, ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કાજે પોતાના પ્રાણનું બલિદાન આપનારા ગુરુ ગોવિંદસિંહજીના પુત્રો - સાહિબઝાદા જોરાવરસિંઘજી અને ફતેહસિંઘજીના શહાદત દિવસને 'વીર બાળ દિવસ' તરીકે જામનગરમાં શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યો છે.

આ નિમિત્તે, જામનગર ગુરુદ્વારાની બાજુમાં આવેલા નવા ફલાય ઓવર બ્રિજ નીચે, વીર બાળ દિવસની યાદમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે આગામી ૨૮ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. આ કાર્યક્રમનો શુભારંભ જામનગર-દેવભૂમિ દ્વારકાના સાંસદ પૂનમબેન માડમના હસ્તે કરવામાં આવ્યો હતો. ડોક્યુમેન્ટરી ફિલ્મ શૌર્યગાથાને લોકો સુધી પહોંચાડવા માટે મોટી સ્ક્રીન પર એક ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ ઉપરાંત ગુરુ ગોવિંદસિંહજીના ચાર સાહિબઝાદાઓના કટ-આઉટ સાથેનો એક સુંદર સેલ્ફી પોઈન્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

આગામી પાંચ દિવસ સુધી ચાલનારો આ કાર્યક્રમ રાત્રિના ૭૦૦ વાગ્યાથી ૧૦૦૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે. ગત રાત્રે યોજાયેલા આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ ની સાથે સાથે જામનગર મહાનગરપાલિકાના ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી નીલેશ કગથરા શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી, શહેર મહામંત્રી વિજયસિંહ જેઠવા, શિક્ષણ સમિતિના ચેરમેન પરસોતમભાઈ કકનાણી, શહેર ભાજપના પૂર્વ અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, એડવોકેટ બીમલભાઈ ચોટાઈ, પ્રખર તેજાબી હિન્દુ વક્તા કાજલ હિન્દુસ્તાની, વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ હિંમતસિંહ જાડેજા, સુબ્રમણ્યમભાઈ પિલ્લાઈ, હિન્દુ જાગરણ મંચના ભરતભાઈ ફલીયા, વ્રજલાલભાઈ પાઠક, ગુરુદ્વારા કમિટીના તમામ સભ્યો અને શીખ સમાજના લોકો ઉપરાંત, શહેર ભાજપના અન્ય હોદ્દેદારો અને કાર્યકરોએ પણ ઉપસ્થિત રહી સાહિબઝાદાઓના બલિદાનને યાદ કર્યા હતા.

જામનગરમાં ૨૨ ડિસેમ્બર થી પ્રારંભ થયેલા આ સાત દિવસીય કાર્યક્રમ દરમિયાન જામનગરની જનતા સાહિબઝાદાઓના અપ્રતિમ બલિદાનની ગાથાને જાણી, શ્રદ્ધાંજલિ અર્પણ કરી શકે, તે ઉદેશ્યથી સર્વે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# મવડી વિસ્તારમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની ''શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ''નામકરણની જાહેરાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

''અટલ નેતૃત્વ - અવિરત વિકાસ'' એ સુશાસન દિવસનો મૂળ સંદેશ છે. ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીનાદુરંદેશીનેતૃત્વે દેશને મજબૂત લોકશાહી, પારદર્શક શાસન અને સર્વાંગી વિકાસનો માર્ગ બતાવ્યો. તેમના નેતૃત્વકાળમાં નીતિગત સ્પષ્ટતા, જનહિતને પ્રાથમિકતા અને સકારાત્મક વિચારધારાના આધારે શાસન વ્યવસ્થાને નવી દિશા મળી. સુશાસન દિવસ માત્ર એક ઉજવણી નથી, પરંતુ જવાબદારીપૂર્ણ પ્રશાસન, નાગરિક કેન્દ્રિત સેવાઓ અને સતત વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો સંકલ્પ છે. અટલજીના વિચારોથી પ્રેરિત થઈ દેશ આજે અવિરત વિકાસ અને સુશાસનના માર્ગે આગળ વધી રહ્યો છે.

૨૫મી ડિસેમ્બર,ના સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલવોર્ડ નં.૧૨માંમવડીવિસ્તારમાં નવનિર્મિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું''શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ''નામરાખવા અંગેરાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેરાત કરાઈ હતી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં છેવાડાનાં લોકોને રમત-ગમતની સુવિધા આપવાના મુખ્ય ઉદેશને ધ્યાને લઈમવડીવિસ્તારમાં વોર્ડ નં.૧૨માં ૧૧,૮૩૧.૦૦ ચો.મી. જગ્યામાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ૧૨૦૦ લોકોની ક્ષમતાવાળું સ્પોર્ટસ સંકુલ બનાવવામાં આવેલ છે. જેમાં આશરે ૯૫૦૦.૦૦ ચોરસ મીટર બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં ઓપન ગ્રાઉન્ડમાં પાર્કિંગની સુવિધા,ટેનિસ કોર્ટ,બાસ્કેટ બોલ કોર્ટ,વોલી બોલ કોર્ટ અને સ્કેટીંગરીંગનો સમાવેશ થયેલ છે. તેમજ ગ્રાઉન્ડફલોર પર સ્પોર્ટસ સંકુલમાં ટેબલ ટેનીસ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ, આર્ચરી, સ્કવોસ, પ્લે-ગ્રાઉન્ડ એરીયા વિગેરે તથા પ્રથમ માળ પર મહિલાઓ તથા પુરૂષો માટે અલગ-અલગ જીમ,યોગા,શુટીંગ રેન્જ,ચેસ,કેરમ વિગેરે રમતો રમી શકાય તે માટે આયોજન કરવામાં આવેલ

# પૂર્વ કેબિનેટ મંત્રી ડો જયનારાયણ વ્યાસની શુભેચ્છા મુલાકાત લેતા તુષિત પાણેરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર ના પૂર્વ આરોગ્ય અને પરિવાર કલ્યાણ ના કેબિનેટ મંત્રી ડો જયનારાયણ વ્યાસ સાથે તેમના નિવાસસ્થાને સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરીએ શુભેછા મુલાકાત કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા તેઓએ એમ એસ યુનિવર્સિટી વડોદરા માંથી બી ઈ સિવિલ , આઈ આઈ ટી - બોમ્બે માંથી એમ ટેક સિવિલ અને બાદ મા સ્ટ્રકચરલ ડિઝાઈન મા પી એચ ડી સુધીનો અભ્યાસ કર્યો છે . . વધુમાં તેઓ માર્કેટિંગ મેનેજમેન્ટ મા અનુસ્નાતકની ડિગ્રી ધરાવતા હોવાથી આઈ આઈ એમ અમદાવાદ મા માનદ પ્રોફેસર તરીકે સેવા આપે છે.

ડો વ્યાસ વિખ્યાત અર્થશાસ્ત્રી પણ છે. ફાયનાન્સ પોલિસી , બેન્કિંગ સેક્ટર , રેવેન્યુ ડેવલોપમેન્ટ જેવા વિષયો પર પોતાની યુટ્યુબ ચેનલ પર લોકો સમક્ષ સચોટ માહિતીઓ રજૂ કરતા હોય છે. રાજકારણ મા આવ્યા પહેલા તેઓ ગુજરાત સરકાર મા બ્યુરોક્રેટ હતા , જળ વ્યવસ્થાપન નિષ્ણાંત હોવાથી તેઓ સરદાર સરોવર પ્રોજેક્ટ ના ચેરમેન પણ રહી ચૂક્યા છે. તેઓએ આર્થિક મંદી અને નાણા રોકાણ, વાણિજ્ય વિમર્શ, આંતર મનનો અવાજ, મજુર મહાજન સંઘ, ગુજરાતના મુખ્યમંત્રીઓ ઔદ્યોગિક ગુજરાત વગેરે જેવા અનેક બેસ્ટ સેલિંગ પુસ્તકો પણ લખ્યા છે.

મુલાકાત બાદ પાણેરીએ જણાવ્યું હતું કે અર્થકારણ, રાજકારણ, સમાજકરણ સહિતના અનેક મુદ્દે તેમનું માર્ગદર્શન મેળવવાનો મને અવસર મળ્યો, ઘણું શીખવા અને જાણવા મળ્યું હાલ તેઓ કોંગ્રેસ પક્ષમા કાર્યરત રહી સેવા આપી રહ્યા છે.

# અમદાવાદ ખાતે દોશી સ્માઈલ હોસ્પીટલના સહયોગથી મહાસર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

અમદાવાદ શહેર ખાતે સૌપ્રથમ વખત દોશી સ્માઈલ ઠાકરશી હોસ્પીટલ ના સહયોગથી વિનામૂલ્ય ફાટેલા હોઠ અને તાળવા ને સર્વ રોગ નિદાન કેમ તેમ જ સારવાર કેમ્પ યોજાવવા જઈ રહ્યો છે વધુમાં વધુ લોકો આ કેમનો લાભ લઈ શકે તે માટે કેમ શરૂ થવાની તારીખ. ૫/૧/૨૦૨૫ થી શરૂ થશે ને તા.૧૦/૧/૨૦૨૫ ના રોજ પૂર્ણ થશે કેમ્પમાં મળવા પાત્ર સારવાર ની વીગત ફાટેલા હોઠ તાળવા અને ચહેરાની પ્લાસ્ટિક સર્જરી પણ વિના મૂલ્યે કરી આપવામાં આવશે ઓપરેશન થી લઇ બધી સારવાર ફ્રીમાં કરી આપવામાં આવશે, અને આ સારવાર એક નવી જિંદગી મળે લાઇફ ચેન્જ થઈ જાય આવો એક પેહેલ માં જોડાઈ અને ચહેરા પર એક અનોખી સ્મિત લાવી.વધુ વિગત જાણવા માટે તેમજ નામ નોંધાવવા માટે નીચે



આપેલ કોન્ટેક નંબર ઉપર આપનુ નામ નોંધાવી શકો છો. હરીશ જાદવ મો. ૯૮૭૯૮૯૨૬૮૪, જે.એસ. હોસ્પિટલ.મો. ૯૯૯૮૭૪૩૦૩૪, કેમનું સ્થળ. ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જે. એસ. હોસ્પિટલ ત્રીજા માળે બીમા નગર સામે શિવરંજની ચાર રસ્તા સેટેલાઈટ અમદાવાદ.

# નાગરિક પ્રથમના અભિગમ સાથે રાજ્યભરમાં સુશાસન દિવસની ઉજવણી



## રાજ્યકક્ષાના કાર્યક્રમમાં જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર સહિત સંકલન સમિતિના સભ્યો વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્નશ્રી અટલ બિહારી વાજપેઈજીની ૧૦૧મી જન્મજંયતીના દિવસે આયોજિત સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી કલેક્ટર કેતન ઠક્કર સહિત સંકલન સમિતિના અધિકારીઓ વિડીયો કોન્ફરન્સના મધ્યમથી સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કર્મયોગી પ્રશિક્ષણ મિશનનો પ્રારંભ, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી ફાઉન્ડેશનની વેબસાઇટનું અનાવરણ, ડિજિટલ ચેકબોર્ડ, ક્યુઆર કોડ, અટલ સ્વાન્ત સુખાય યોજનાના વેબપોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં ઇ-ગવર્નન્સ અને ડિજિટલ ઈન્ડિયા, ટેકનોલોજી આધારિત સુશાસન માટેની નવી નીતિઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકારનો અભિગમ સરળ અને દરેક નાગરિકોને સરકારની યોજનાઓનો લાભ મળી રહે તે છે. પૂર્વ વડાપ્રધાન 'ભારત રત્ન' અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી 'સુશાસન દિવસ' નિમિત્તે ગુજરાત સરકાર લોકાભિમુખ વહીવટ થકી નાગરિકોના 'ઈઝ ઓફ લિવિંગ'ને પ્રાધાન્ય આપી 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત'ના નિર્માણ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

વીડિયો કોન્ફરન્સમાં ઉપસ્થિત તમામ અધિકારીઓને જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે સરકારની યોજનાઓની માહિતી મહત્તમ લોકો સુધી પહોંચાડવા અંગે માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેક્ટર શારદા કાથડ સહિત સંકલન સમિતિના સભ્યો, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના મોટી ખાવડીથી સુરત રવાના કરાયેલા ટેન્કરમાંથી ચાલકે બે લાખનું ડીઝલ કાઢી લેતા ફરિયાદ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં આવેલી એક ખાનગી પેઢીમાં ટેન્કર ચાલક દ્વારા જામનગરથી સુરત મોકલવામાં આવેલા ડીઝલના જથ્થા પૈકી અંદરથી આશરે રૂપિયા બે લાખની કિંમતનો ડીઝલનો જથ્થો કાઢી લઈ બારોબાર વેચી નાખી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે મેઘપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જામનગરમાં કાલાવડ નાકા બહાર રહેતા અને મોટી ખાવડી વિસ્તારમાં આવેલી કોટક કોર્પોરેશનના કારકૂન તરીકે ફરજ બજવતા મોહસીનભાઈ રફીકભાઈ બલોચે મેઘપર પડાણા પોલીસ મથકમાં પોતાની પેઢીમાં ચાલતા જી.જે.૧૦ ટી.વી.૭૩૭૭ નંબરના ટેન્કરના ચાલક દરેડના વતની દેવશીભાઈ માલદેભાઈ કરમટા સામે રૂપિયા બે લાખથી વધુની કિંમતનું ડીઝલ બારોબાર વેચી નાખવા અંગે અને વિશ્વાસઘાત કરવા અંગેની ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપી દેવશીભાઈ કરમટા ટેન્કરમાં આશરે ૨૪ હજાર લીટર ડીઝલનો જથ્થો ભરીને જામનગરના મોટી ખાવડીથી નીકળ્યો હતો, અને સુરત પહોંચાડવાનો હતો. જે દરમિયાન તેણે રસ્તામાં કોઈ પણ સ્થળે ટેન્કરમાંથી બે લાખની કિંમતનું ૨,૩૦૯ લીટર ડીઝલ કાઢી લીધું હતું, અને બારોબાર વેચી નાખ્યું હતું. સુરતમાં ડીઝલનો જથ્થો પહોંચાડવા સમયે તેમાં ઘટ્ટ જણાઇ આવી હોવાથી આ મામલો સામે આવ્યો હતો, અને પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# ભાયાવદરમાં જુગાર ધામ પર સ્થાનિક પોલીસનો દરોડો




**મુખ્ય સમાચાર, ભાયાવદર**

ભાયાવદર છેલ્લા કેટલાક સમયથી ચાલતા નગરપાલિકાના ભાજપના પૂર્વ પ્રમુખના ઘરે જુગાર ધામ ઉપર પોલીસે દરોડો પાડી ૬ શખ્સોને ઝડપી લીધા હતા. બનાવને પગલે ભાયાવદરમાં લોક મુખ્ય ચર્ચાનો વિષય બન્યો બસ સ્ટેન્ડ સામે આવેલ મયુર નગર વિસ્તારમાં રહેતા ભાજપના આગેવાન અને નગરપાલિકાના મહિલા કારોબારી અધ્યક્ષના પતિ અતુલ માવજીભાઈ વાછાણીના મકાનમાં જુગારધામ ચાલતો હોવાની માહીતીને આધારે પીઆઇ વી.પરમાર સહીતના સ્ટાફ સાથે મકાનમાં દરોડો પાડીને નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભાજપ આગેવાન અતુલ વાછાણી તેમજ ચંદ્રેશ જેન્તીભાઈ વાછાણી. દિનેશ શાંતિલાલ કનેરીયા. હિરેન રમણિકભાઈ માકડીયા. જયેશ ગોરધનભાઈ ભાલોડીયા. કિશોર લખમણભાઈ માકડીયા .ને રોકડા રૂ. ૧.૦૪.૫૧૦.મોબાઈલ ૬ નંગ.૪ બાઈક મળીને કુલ.૨.૭૪ લાખના મુદામાલ સાથે ઝડપી લીધા હતા અને એક સિનિયર સીટીઝન હોવાથી નોટિસ ફટકારીને પાંચ શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટના તત્કાલીન કલેકટર પ્રભવ જોશીને હાઈકોર્ટની નોટિસ

## પાળ દરબારની જમીન મામલે કન્ટેમ્પ્ટની કાર્યવાહીમાં હાઈકોર્ટના હુકમ વિરૂધ્ધનું અર્થઘટન કરાયું હોવાનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ પાળ દરબારની જમીનના વિવાદમાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહીમાં રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશીને હાઈકોર્ટે નોટીસ પાઠવી છે.

હાલના પાળ દરબાર અમરસિંહજી હરિશચંદ્રસિંહજી જાડેજાના એડવોકેટ તરફથી જણાવાયેલ વિગત મુજબ સ્વ.હરિશચંદ્રસિંહ ભારતસિંહ જાડેજા રાજકોટ જીલ્લાના ૬ ગામ-જશવંતપુર, પાળ, રૈયા, પીપળીયા (પાળ), હરીપર (પાળ) તથા ઘંટેશ્વરના ગીરાશદાર અને તાલુકદાર હતા. તેની ઉપરોકત ગામમાં આવેલી ખેતી જમીન બાબતે ગુજરાત હાઈકોર્ટમાં એગ્રીકલ્ચર લેન્ડ સીલીંગ ફજિકાટમા એકટ બાબતેનો કેસ ચાલ્યા બાદ તે બાબતેની ઉતરોતર મેટર સુપ્રીમ કોર્ટમાં પેન્ડીંગ છે. ઉપરોકત જમીનો પૈકી રૈયાની જમીન બાબતે હાઈકોર્ટમાં ફર્સ્ટ



અપીલ પેન્ડીંગ હતી ત્યારે હાઈકોર્ટ દ્વારા નિયુકત કરેલ કમિટીએ રૈયાની જમીનનો કબજો રીસીવર તરીકે સોંપવા આદેશ કરેલ. પરંતુ તે હુકમમાં પાળ દરબારની અન્ય ગામમાં આવેલી કોઈ જમીનોનો કબજો રીસીવર તરીકે લેવાનો આદેશ કરેલ ન હતો. તેમ છતા તત્કાલીન કલેકટર પ્રભવ જોશીએ હુકમ કરેલ કે પાલ ગામની જમીનનો કબ્જો હાઈકોર્ટના આદેશથી બનેલ કમીટીને સોંપી આપવો તેવો ગુજરાત હાઈકોર્ટે આદેશ કરેલ છે. હકીકતે હાઈકોર્ટે તેવા સર્વે નંબરની જમીનો ગુજરાત હાઈકોર્ટનાં આદેશથી બનેલ કમિટીને સોપવા આદેશ કરેલ નથી.

વિશેષમાં હુકમ વિરૂધ્ધનું અર્થઘટન બાદ ને કરવા આદેશ કરી તેવ ને પણ દાખલ કરાવડાવેલ અને તેમાં લખાવડાવેલ કે, ઉપરોકત પાળની ખેતી જમીનો કમિટીને સોંપવા ગુજરાત હાઈકોર્ટે અને સુપ્રીમ કોર્ટે એસએલપીમાં તા.૨૭/૧/૨૫ના રોજ આદેશ કરેલ છે. આ પ્રકારનું કથન પણ સુપ્રીમ કોર્ટના આદેશ વિરૂધ્ધનું છે. જેથી ઓર્ડરના ખોટા અર્થઘટન કર્યા બાદ તલાટી રાઠોડભાઈ, સર્કલ ઓફીસર ગોહીલભાઈ તથા મામલતદાર કે.જી. ચુડાસમાએ સ્થળ પર જઈ ઉપરોકત ખેતી જમીન ઉપર આ જગ્યા સરકારી છે અને હાઈકોર્ટનાં હુકમના આધારે કબજો લેવામાં આવેલ છે તેવા બોર્ડ મારી ફોટા પડાવેલ છે. અરજદારે પોતાના એડવોકેટ વિકાસ શેઠ મારફત નોટીસ આપવામાં આવેલ અને હાઈકોર્ટના હુકમનું ખોટું અર્થઘટન કરેલ આપવામાં આવેલ પરંતુ સુવ કોઈ પ્રયાસ કરેલ નહીં.

# ગ્રાહક બનીને આવેલી બે મહિલાઓ વેપારીની નજર ચુકવી દાગીના ચોરી ગઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પેલેસ રોડ પર આવેલ નિલકંઠ જવેલર્સ નામની દુકાનમાંથી ગ્રાહક બનીને આવેલી બે મહિલાઓ રૂ.૯૦ હજારની કિંમતના સોનાના બે દાગીના ચોરી કરી નાસી જતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે પકડી લેવા કાર્યવાહી કરી છે. અયોધ્યા ચોક પાસે બંસી રેસીડેન્સીમાં રહેતા અને પેલેસ રોડ પર નિલકંઠ જવેલર્સ નામની દુકાન ચલાવતા ધ્રુવીતભાઈ કેતનભાઈ ધોળકીયા નામના વેપારી બપોરે તેની શો રૂમે હતા તે દરમિયાન ગ્રાહક બની આવેલી બે અજાણી મહિલાઓ તેની નજર ચુકવી સોનાના પેંન્ડલસેટ જોવા માટે કહયુ હતું.

જેથી તેને બતાવ્યો હતો. પરંતુ ભાવ વધારે લાગતા તેને રકઝક કરી ચાલી ગઈ હતી. દરમિયાન રાત્રીના સ્ટોકની તપાસ કરતા હતા તે દરમિયાન ૯૦ હજારની કીંમતનો સોનાનો પેન્ડલ સેટ ગાયબ હોય તેને સીસીટીવી ફુટેજને આધારે તપાસ કરી હતી. જેમાં ગ્રાહક બની આવેલી બે મહિલાઓ પૈકી એક તેને નજર ચુકવી પેનડલ સેટ તેના પર્સમાં રાખી ચોરી કરતી હોવાનુ બહાર આવતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે

# નવલનગરમાં કાર સહીત ત્રણ વાહનોમાં પેંડા ગેંગના સાગરીતે આગ ચાંપીઃ ધરપકડ

## નામચીન શખ્સ સામે દારૂ, મારામારી સહીતના અનેક ગુના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવલનગરમાં રહેતા ભાજણ કાર્યકરની કાર અને બે ટુ-વ્હીલરમાં પેટ્રોલ છાંટી આગ લગાવી દિધાનુ બહાર આવતા માલવીયા નગર પોલીસે નામચીન શખસને ઝડપી લઈ વિશેષ કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ રોડ નજીક નવલનગરમાં રહેતા અને વોર્ડનં ૧૨ના કાર્યકર મયુરભાઈ સીંધવના ઘર પાસે પાર્ક કરેલી કાર અને એકટીવા અને ઈ-બાઈકમાં મોડી રાત્રીના પેટ્રોલ છાંટી આગ લગાવવામાં આવતા પાડોશના લોકો એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ થતા ફાયર બિગ્રેડ સ્ટાફે આગ બુજાવી હતા.બનાવને



પગલે માલવીયા નગર પોલીસ મથકના એએસઆઈ પરમાર સહીતે તપાસ હાથ ધરી છે. પોલીસની તપાસમાં એકાદ વર્ષ પુર્વે નામચીન યશ રસીક બકરાણીયા વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ કરી હતી જેનો ખાર રાખી આઠેક દિવસ પુર્વે ગોકુલધામના ગેઈટ પાસે મયુરભાઈના ભાઈ ભરતભાઈ સાથે માથકુટ જેનો ખાર રાખી વાહનોમાં આગ લગાવી હોવાનુ જણાવતા પોલીસે પુછતાછ કરતા તે રાત્રીના ઘેર સુતા હતા તે દરમ્યાન તે દરમ્યાન પાડોશી જગદીશભાઈએ તેનો દરવાજો ખખડાવી બોલાવ્યા હતા અને તમારા વાહનોમાં આગ લાગી હોવાનુ જણાવતા બહાર જઈને ફાયર બિગ્રેડ સ્ટાફને જાણ કરી હોવાનુ જણાવતા પોલીસે ભરતભાઈની ફરીયાદ પરથી ગુનો નોધી આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં યશ રસીક બકરાણીયા પેંડા ગેગનો સાગરીત હોવાનુ અને અગાઉ દારૂ, મારામારી સહીત અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો હોવાનુ બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# પુત્રીના ઘરે આંટો મારવા આવેલી જનેતાને સ્કોર્પીયો ચાલકે ઉલાળતા મોત

## બાંટવાનું વૃધ્ધ દંપતી ખંડિત થતા પરિવારમાં કાળો કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હુડકો ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટના માં બેફામ સ્પીડમાં આવેલી સ્કોર્પિયો કારે રસ્તો ઓળંગતા વૃદ્ધાને ઠોકરે લીધા હતા. જેમાં પતિ પ્રાગજીભાઈની નજર સામે જ પત્ની ઈન્દુબેન (ઉંમર વર્ષ ૬૩)નું મોત નીપજ્યું હતું. આજીડેમ પોલીસે અજાણ્યા કાળા કલરના સ્કોર્પિયો કારના ચાલક સામે ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદમાં પ્રાગજીભાઈ શામજીભાઈ મારું (ઉ.વ.૭૬)એ જણાવ્યું કે, હું માણાવદર તાલુકના બાંટવા ગામે સરકારી હોસ્પિટલની સામે કૃષ્ણપરા શેરી નંબર ૩માં રહું.

વાળંદ કામ કરું છું. મારી પત્નીનું નામ ઈન્દુબેન છે અને મારે સંતાનમાં પાંચ દીકરીઓ તથા એક દીકરો છે. ગઈકાલે બપોરના પોણા ચારેક વાગ્યે જેતપુરથી રાજકોટ મારી દીકરી



રેખાના ઘરે આવવા માટે એસ.ટી બસમાં બેસીને નીકળેલ હતા અને મારી સાથે મારા પત્ની ઈન્દુબેન હતા. સાંજના સાડા છ વાગ્યે અમે અહીં રાજકોટ ખાતે આવેલ ગોંડલ ચોકડી ઉતરેલ, રીક્ષામાં બેસી હુડકો ચોકડી પહેલા આવતી રામાધણી હોટલની સામે ઉતરેલ. સાતેક વાગ્યા વખતે અમે ચાલીને સામે સ્વાતી પાર્કની મેઈન રોડ ખોડલધામ શેરી નંબર ૨ માં રહેતી મારી દીકરીના ઘર તરફ જવા નીકળેલ. ત્યારે અમે મેઈન હાઈવે રોડ ક્રોસ કરતા હતા ત્યારે ગોંડલ

ચોકડી તરફથી એક સ્કોર્પિયો કાર પુર ઝડપે આવેલ અને મારી પાછળ ચાલીને આવતી મારી પત્નીને સીધી હડફેટે લીધેલ. કાર ચાલક અકસ્માત સર્જી નાસી ગયો હતો.

મારી પત્નીને માથે શરીરે ઈજા થતા બેભાન થઈ ગયેલા. મેં ફોનથી મારા જમાઈ હિતેશ મગનભાઈ ગોહેલને જાણ કરતા તેઓ આવી જતા ૧૦૮માં મારી પત્નીને બેસાડી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડેલ. અહીં રૂમ ઈમરજન્સીમાં ફરજ પરના ડોક્ટરે મારી પત્નીને તપાસી રાત્રે પોણા આઠેક વાગ્યે મૃત જાહેર કરેલ હતી. બનાવ બાદ આજીડેમ પોલીસના હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈ ધરજીયા હોસ્પિટલ દોડી આવ્યા હતા. અજાણ્યા સ્કોર્પિયો કારના ચાલક સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી હતી અને મૃતદેહ પીએમ માટે ખસેડયો હતો. અકસ્માતમાં વૃદ્ધાના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

# જૂનાગઢના બગડુની સીમમાં પિતાની નજર સામે પુત્ર પર દીપડાનો હુમલો

## પિતા-પુત્ર ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે બની ઘટનાઃ નવ વર્ષના બાળકને દીપડાએ ગરદન, વાંસામાં કરી ઈજા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ નજીક બગડુ ગામની સીમમાં પિતા-પુત્ર કામ કરી રહ્યા હતા, તે સમયે અચાનક એક દીપડો લપાતો છુપાતો ઝાડી-ઝાંખરામાંથી આવ્યો અને નવ વર્ષના બાળકને દબોચી અંદર ઢસડી ગયેલ હતો, ત્યારે પિતાએ પ્રતિકાર કરતા દીપડો બાળકને ।મુકીને ભાગી ગયો હતો. જે હુમલામાં ઘાયલ બાળકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

જૂનાગઢના બગડુ ગામની સીમમાં ખેતમજુરી આવેલ રવિભાઈ બેચરભાઈ સોલંકી આને બપોરે ખેતરમાં કામ કરી રહ્યા હતા, અને



તેનો નવ વર્ષનો દીકરો માન સોલંકી તેની પાસે હતો, ત્યારે અચાનક અંદર ઝાડીમાંથી એક દીપડો દોડીને આવ્યો અને બાળકને ગરદનથી દબોચી અંદર ઢસડી ગયેલ હતો, ત્યારે રવિભાઈએ પ્રતિકાર કરતા દીપડો બાળકને મુકીને ભાગી ગયો હતો, દીપડાના હુમલામાં બાળકને ગરદનના ભાગે અને વાંસાના ભાગે ઈજાઓ થતા સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

# મેટોડામાં છોટા હાથીના ચાલકે રિક્ષા સવારને હડફેટે ચડાવતા શાકભાજીના ધંધાર્થી દંપતી ખંડિતઃ પત્નીનું મોત

## શાકભાજીની ફેરી કરી ઘરે પરત ફરતા બિહારી દંપતિને નડ્યો અકસ્માતઃ પતિ સારવારમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધિકાના મેટાડામાં રહેતું દંપતિ શાકભાજીની ફેરી કરી રીક્ષા લઈ ઘરે પરત ફરી રહી હતી ત્યારે છોટાહાથીના ચાલકે રીક્ષાને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રીક્ષા સ્વાર પ્રૌઢાનું પતિની નજર સામે જ મોત નિપજ્યું હતું. જ્યારે આધેડને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, મેટોડામાં આવેલા નિલકમલ પાર્કમાં રહેતાં પ્રમોદભાઈ સતનારાયણભાઈ ચૌધરી (ઉ.૫૦) અને તેમના પત્ની ગંગાદેવી પ્રમોદભાઈ ચૌધરી (ઉ.૪૫) રાત્રીનાં આઠેક વાગ્યાના અરસામાં સીએનજી રીક્ષા લઈને મેટોડામાંથી પસાર થઈ



રહ્યા હતા ત્યારે છોટાહાથીના ચાલકે રીક્ષાને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા દંપતિને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ગંભીર રીતે ઘવાયેલી ગંગાદેવીની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ હોસ્પિટલના બીછાને દમ તોડી દેતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક પુછપરછમાં મૃતક ગંગાદેવી અને ઈજાગ્રસ્ત તેમના પત્ની પ્રમોદભાઈ ચૌધરી મુળ બિહારના વતની છે. અને તેમને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે. દંપતિ શાકભાજીની ફેરી કરી પરત ફરતું હતું ત્યારે જીવલેણ અકસ્માત નડયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે મેટોડા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સમરસ હોસ્ટેલ બાબતે શિક્ષણ મંત્રીએ અધિકારીઓને ખખડાવ્યા

## હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ સાથે જમતા હોવાના ફોટા મોકલવા સુચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિદ્યાર્થીનેતા રોહિત રાજપૂતની આગેવાનીમા સમરસ હોસ્ટેલના વિદ્યાર્થીઓ કેબીનેટ મંત્રી ડો.પ્રદ્યુમન વાઝાને રૂબરૂ મળીને સમરસ હોસ્ટેલમાં ચાલતી લાલીયાવાડી અંગે ધ્યાન દોર્યુ હતું. શિક્ષણ મંત્રીએ તુરંત અધિકારીઓને બોલાવી ખખડાવ્યા હતા અને તેમની સાથે ભોજન કરી ફોટા મોકલવા અને એક સપ્તાહમાં રિપોર્ટ કરવા માટે આદેશ આપ્યા હતા.

સમરસ હોસ્ટેલના મુદે પદવીદાન કાર્યક્રમમા મંત્રીના ઘેરાવની ચિમકીના પગલે પોલીસ બંદોબસ્ત ફૂલ કડકાઈ સાથે ગોઠવાયો હતો. પરંતુ વિદ્યાર્થીનેતા રોહિત રાજપુત વિદ્યાર્થીઓ સાથે કુલપતી બંગલે સીધા શિક્ષણ મંત્રી સુધી પહોચતા હાજર રહેલ સૌ નેતાઓ,અધિકારીઓ ચૌકી



ઉઠ્યા હતા. જ્યા વિદ્યાર્થીઓએ શિક્ષણ મંત્રીને રજુઆત કરી હતી કે, અમારી પ્રાથમિકતા સમરસ હોસ્ટેલના વિદ્યાર્થીઓની સમસ્યાનુ કાયમી સમાધાન થાય તે હતું. મંત્રીએ સકારાત્મક વલણ દાખવી સમસ્યાઓની ગંભીરતા સમજીને સમાધાનની ખાતરી આપી છે શિક્ષણ અને સમાજ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રીએ વિદ્યાર્થીઓને વિશ્વાસ અપાવ્યો કે હું ગમે ત્યારે તમારી હોસ્ટેલ સરપ્રાઈઝ વિઝિટ કરીને તમારી સાથે જમવા આવીશ. તો અધિકારીને કહ્યું કે રોજ વિદ્યાર્થીઓ સાથે જમતા હોય તેવા ફોટો વિભાગને મોકલો અને આ સમસ્યાનો ઉકેલ લાવી એક સપ્તાહમાં રિપોર્ટ જમા કરાવો.

# તાલાલાના ભોજદે ગામે ફાર્મ હાઉસમાં દરોડા, રાજકોટના ત્રણ સહિત પાંચ પીધેલા પકડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાલાલાનાં ભોજદે ગામની સીમમાં આવેલ ઓમ ફાર્મ હાઉસમાં દારૂની મેહફીલ માણતા ઈસમો તથા ફાર્મ હાઉસ સંચાલકને પકડી પાડી તાલાલા પો.સ્ટે. ગુન્હો રજી.કરી કાર્યવાહી કરવામાં આવેલ છે. આરોપી સાગર રસીકભાઈ વઘાસીયા રહે જેતપુર ઈમ્પીરીયલ હાઈટ જુનો રાજકોટ રોડ હાલ રહે રાજકોટ વાવડી ગામ આકાર હાઈટસ, ધ્રુવિલ અશોકભાઈ પાદરીયા રહે. જેતપુર શિવનગર હાલ રહે. રાજકોટ કોઠારીયા ગામ શુભ રેસ્ટોરન્ટ પાસે, ભાર્ગવ હસમુખભાઈ ઢોલરીયા રહે. જેતપુર શાંતિનગર જુનાગઢ રોડ, ભાર્ગવ કલ્પેશભાઈ વઘાસીયા રહે રાજકોટ શિવમ પાર્ક-૧ રાધા પાર્ક મેઈન રોડ કોઠારીયા ગામની સામે, અરજણ અરશીભાઈ બારડ આહીર ધંધો મેનેજર તરીકે રહે જેપુર ગામ વાડી વિસ્તાર તા.તાલાલા હાલ રહે. ભોજદે ઓમ ફાર્મ એન્ડ રીશોર્ટને ઝડપી ખાલી બિયરના ટીન ૦૨ કબ્જે કરેલ છે. આ કામગીરી કરનાર એસ.વી. રાજપુત, પોલીસ ઈન્સ. એલ.સી.બી., ગીર સોમનાથ, એ.સી.સિંધવ, પો.સબ ઈન્સ., એચ.એલ. જેબલીયા, પો.સબ ઈન્સ., સોનિંગસિંહ સિસોદિયા., એ.એસ.આઈ, કળષણકુમારસિંહ સોલંકી, પો.હેડ કોન્સ.એ કરી હતી.

# ઈમીટેશનના વેપારીની વ્યાજખોરોએ કાર પડાવી લીધીઃ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોરબી રોડ પર રહેતા અને ઈમીટેશનનુ કામ કરતા યુવકને પૈસાની જરૂર હોય તેની કાર વેચવા માટે જતા સાયલાના જયદીપ ખવડે ૧૨ લાખ રૂપીયામાં વેચાણના લખાણ કરાવી, ૩ લાખ રૂપીયા આપ્યા હતા અને વધુ પૈસા તમને આપી દેશુ તેમ જણાવ્યા બાદ ૩ લાખનું ૭ ટકા લેખે વ્યાજ માંગી કાર પડાવી લીધાની ફરીયાદ કરી હતી.મોરબી રોડ પર કલ્પતરૂ સોસાયટીમાં રહેતા અને ઈમીટેશનનુ કામ કરતા પીન્ટુભાઈ દામજીભાઈ ડોબરીયાને પૈસાની જરૂર હોય ૧૧ માસ પહેલા તેના મિત્ર મનદીપ વેકરીયા દ્વારા સાયલાના જયદીપ ખવડ સાથે પરીચય કરાવી તેની કાર વેચવા માટે વાત કરી હતી. દરમિયાન પીન્ટુભાઈએ સાયલાના ગરભડી ગામના જયદીપ ખવડને ૧૨ લાખ રૂપીયામાં કાર જયદીપ ખવડ વેચવાની વાત કરી હતી અને તેને ૩ લાખ રૂપીયા રોકડા આપી ૯ લાખ રૂપીયા ૩ મહિનામાં ચુકવી આપશે તેવુ લખાણ કરાવ્યુ હતુ. જેથી તેના મિત્ર પર વિશ્વાસ હોય તેને હા પાડી હતી. બાદમાં મિત્રએ તેને દોઢ લાખ રૂપીયા આપ્યા હતા અને બાકીના રૂપીયા તેમના થોડા દિવસોમાં આપી દઈશ પરંતુ દસેક દિવસમાં ન આપતા તેને ફોન કર્યો હતો. જેમાં તેને કારનો સોદો કેન્સલ કરવાનુ કહી જયદીપે ૩ લાખનું ૭ ટકા લેખે વ્યાજ સહિતની રકમ મોકલી આપવા અને કાર લઈ જવાનુ કહેતા વ્યાજ સહિત ૩.૪૨ લાખ આપ્યા હોવા છ્તા કાર આપવાની ના પાડતા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# આટકોટમાં બે ભાઈઓ પર તિક્ષ્ણ હથિયારો વડે ખૂની હુમલો

## સરપંચની ચૂંટણીમાં ફોર્મ ભરવાના મામલે ડખ્ખોઃ હવે ભેગા થાવ એટલે મારી નાખીશ કહી પિતા-પૂત્ર સહિત પાંચ શખ્સો દ્વારા ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આટકોટમાં પંચરની દુકાન ચલાવતા યુવક અને તેના ભાઈ ઉપર તેના જ ગામના પિતા પુત્ર સહીત પાંચ શખસોએ છરી,તલવાર સહીતના શસસ્ત્ર હથિયાર વડે જીવલેણ હુમલો કરી હવે ભેગા થાવ એટલે મારી નાખીશ તેમ કહી ધમકી આપી નાસી છુટતા પોલીસે હત્યાની કોશીષ સહીતનો ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ આટકોટમાં કૈલાશ નગરમાં રહેતા અને પંચરની દુકાન ચલાવતા જયેશભાઈ પ્રભુદાસભાઈ ધમલ (ઉ.૪૨) સાંજે તેની દુકાને હતા ત્યારે અમારા ગામમાં રહેતા જીતુભાઈ સોમાભાઈ દાફડા,તેનો મોટો ભાઈ જેસીંગભાઈ, જીતુભાઈનો પુત્ર કાળીયો,મોહીત જેસીંગભાઈ દાફડા અને એક અજાણ્યો શખસ સહીતનાઓ ધસી આવ્યા હતા અને તારી બાયડીને કહે કે અમને ગાળો ન આપે કહી ઝઘડો કર્યો

હતો તેને સમજાવવા જતા ઉશ્કેરાઈ જઈ છરી,તલવાર સહિતના શસસ્ત્ર હથીયારો વડે હુમલો કરતા દેકારો થતા જયેશભાઈના મોટાભાઈ ઉમેશભાઈ વચ્ચે બચાવવા આવતા તેની ઉપર પણ હુમલો કર્યો હતો અને હવે ભેગા થશો તો તમને બધાને મારી નાખીશ તેમ ધમકી આપી નાસી છુટયા હતા. બનાવને પગલે બન્ને ઘવાયેલા ભાઈઓને સારવાર માટે હોસ્પીટલે ખસેડાયા છે બનાવની જાણ થતા આટકોટ પોલીસે તપાસ કરતા અગાઉ સરપંચની ચુટણીમાં જીતુભાઈ સામે જયેશભાઈએ ફોર્મ ભર્યુ હતુ અને ચુંટણીમાં જીતુભાઈની ચુંટણી જીતી ગયા હોય બાદમાં અવાર નવાર ઝગડાઓ કરતા હોય ગુરૂવારે સાંજે તેની પંચરની દુકાને આવી તારી બાયડી કેમ અમને ગાળો આપે છે કહી ઝઘડો કરી ખૂની હુમલો કર્યો હોવાનુ જયેશભાઈએ જણાવતા પોલીસે હત્યાની કોશીષ,ધમકી સહીતનો ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# બહેનની છેડતી કરનારને ઠપકો આપનાર કોલેજીયન છાત્ર ઉપર હુમલો

## સમાધાન માટે બોલાવી પાંચ શખ્સોએ માર માર્યાના આક્ષેપ સાથે યુવાનને સારવાર માટે ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મોરબી રોડ પર આવેલી રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતો અને આર.કે.સી.યુનિવર્સિટીમાં બીસીએમાં અભ્યાસ કરતો યુવાન ધોળકીયા સ્કૂલમાં ધો.૧૨માં અભ્યાસ કરતી બહેનને લઈને ઘરે આવતો હતો ત્યારે અજાણ્યા શખ્સે સ્કુટરમાં પીછો કરી છેડતી કરી હતી. જે મુદ્દે થયેલી બોલાચાલીના સમાધાન માટે કોલેજીયન યુવાનને કુવાડવા રોડ પર બોલાવી પાંચ શખ્સોએ ધોકા વડે માર માર્યો હોવાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો



હતો.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ પર આવેલી રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતો કિશન મગનભાઈ રોજાસરા નામનો ૧૯ વર્ષનો યુવાન સત્રીના નવેક વાગ્યાના અરસામાં કુવાડવા રોડ પર હતો ત્યારે શક્તિ, ધ્રુમીલ અને કેવીન સહિતના બે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં થવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક પુછપરછમાં ઈજાયરસ્ત યુવાન આર.કે.સી.યુનિવર્સિટીમાં બી.સી.એ.નો અભ્યાસ કરે છે અને બે ભાઈ એક બહેનમાં મોટો છે. કિશન રોજાસરા ધોળકીયા સ્કૂલમાં ધો.રમાં અભ્યાસ કરતી તેની બહેનને લેવા માટે ગયો હતો ત્યારે હુમલાખોર શખ્સે સ્કુટરમાં પીછો કરી છેડતી કરી હોન વગાડયા હતાં. જે મુદ્દે થયેલી બોલાચાલીના સમાધાન માટે બોલાવી હુમલો કર્યો હોવાનો અને કિશન સાથે ગયેલા તેના મિત્ર મીહીરને પણ માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે બી-ડીવીઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ પરી છે.

# પ્રેમમાં પાગલ પિતરાઈ ભાઈ-બહેને ઘરેથી ભાગી સજોડે ઝેરી દવા પીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બોટાદ જિલ્લાના તુરખા અને દેવળીયા ગામના બે પિતરાઈ ભાઈ-બહેન વચ્ચે પાંગરેલા પ્રેમનો કરુણ અંજામ સામે આવ્યો છે. પરિવારજનો લગ્ન માટે સંમત નહીં થાય તેવા ડરથી ત્રણ દિવસ પહેલા ઘરેથી ભાગી નીકળેલા આ યુગલે જસદણ-વિછીયા રોડ પર ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ બંનેને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગેની વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશન મધ્યપ્રદેશના અને હાલ બોટાદના તુરખા ગામે રહી ખેતીકામ કરતા મનીપ ધનજીભાઈ ભુરીયા (ઉ.વ. ૨૫) ને બાજુના દેવળીયા ગામે રહેતી તેની ફઈની દીકરી રીન્કુ રાહુલભાઈ વસુનીયા (ઉ.વ. ૨૩) સાથે છેલ્લા દોઢ વર્ષથી પ્રેમસંબંધ હતો. બંને એકબીજા સાથે લગ્ન કરવા ઈચ્છતા હતા.પરંતુ લોહીના સંબંધમાં મામા-ફઈના ભાઈ-બહેન થતા હોવાથી પરિવારજનોએ આ લગ્નનો સખત વિરોધ કર્યો હતો. પરિવાર એક થવા નહીં દે તેવા ભયથી ત્રણ દિવસ પહેલા બંને ઘરેથી ભાગી નીકળ્યા હતા. પરિવારજનો સતત તેમની શોધખોળ કરી રહ્યા હતા. બુધવારે રાત્રે આ બંને જસદણ નજીક એક હોટલ પાસે હોવાની બાતમી મળતા પરિવારના સભ્યો ત્યાં પહોંચવા રવાના થયા હતા. આ વાતની જાણ મનીષ અને રીન્કુને થતા પકડાઈ જશે અને ફરીથી અલગ કરી દેવામાં આવશે તેવા ડરથી બંનેએ સાથે મળીને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. અહીં પરિવાર પહોંચતા બંનેએ ઝેરી દવા પીધી હોવાનું માલુમ પડતાં જ સ્થાનિક હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વધુમાં મનીષ બે ભાઈ અને બે બહેનોમાં બીજા નંબરનો છે જ્યારે રીન્કુ ચાર બહેનો અને બે ભાઈઓમાં સૌથી નાની છે.

# રાજકોટ જેલમાંથી પેરોલ જંપ કરનાર પાકા કામનો કેદી ઝારખંડથી ઝડપાયો

## ભાવનગરના વરતેજ પોલીસ મથકના ગુનામાં શખ્સને સજા પડી હતી

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર જીલ્લાનાં વરતેજ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુન્હામાં જેલમાં રહેલા અને રાજકોટ મધ્યસ્થ જેલમાંથી છેલ્લાં ૧૦ વર્ષથી પેરોલ રજા ઉપરથી ફરાર પાકા કામના કેદીને પુર્વ બાતમી આધારે ભાવનગર પેરોલ ફર્લો ટીમે ઝારખંડ પહોંચી તેના ગામમાંથી ફરાર પાકા કામના કેદીને ઝડપી પાડી રાજકોટ જેલ હવાલે કરી દીધો હતો.

બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડનાં પોલીસ ઈન્સપેકટર પી. બી.જેબલીયા તથા પેરોલ ફર્લો સ્કવોડનાં પોલસ કર્મચારીઓનાસતાં ફરતાં આરોપીઓ તથા પાકા કામનાં કેદીઓ, પેરોલ ફર્લો જમ્પ તથા વચગાળાની રજા ઉપરથી હાજર નહિ થયેલ વધુમાં વધુ આરોપીઓ કેદીઓને પકડી પાડવા માટે પેરોલ ફર્લો જમ્પ આરોપીઓની ટેકનીકલ વર્ક આઉટ કરી તેમજ હ્યુમન સોર્સથી માહીતી મેળવતાં દરમ્યાન પોલીસ સ્ટાફને હકિકત મળેલ કે, ભાવનગર જીલ્લાનાં વરતેજ પોલીસ સ્ટેશનમાં સને-૨૦૦૫માં દાખલ થયેલ એનડીપીએસનાં ગુન્હામાં રાજકોટ મધ્યસ્થ જેલમાં દસ વર્ષની કેદની સજા ભોગવતા અને પેરોલ રજા ઉપરથી છેલ્લાં દસ વર્ષથી ફરાર થઇગયેલા પાકા કામના કેદી નંબર-૪૨૨૨૫ મહેશ કૈલુ યાદવ (રહે. ગરીયા ગામ, તા.મંજોલીયા, જી. ચતરા, રાજ્ય-ઝારખંડ) હાલ ઝારખંડ રાજ્યનાં ગરીયા ગામમાં રહેતો હોવાની હકિકત મળતા જે બાતમી આધારે પેરોલ સ્ટાફે ઝારખંડ રાજ્ય ખાતે જઈ બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં પાકા કામના કેદી મહેશ કૈલુ યાદવ (ઉવ. પર ધંધો ખેતી રહે. દખીણવાળા તોળા, ગરીયા ગામ, થાના.-રાજપુર તા.મંજોલિયા, જી. ચતરા, રાજ્ય-ઝારખંડ) તેના ગામમાંથી મળી આવતા તેને ઝડપી પાડીરાજકોટ મધ્યસ્થ જેલ મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી.